પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૨૬૬, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૫-૦૭-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 266 PRICE :-RS. 1.50 DATE : 05-07-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

### ૮૫ સૈનિકોને લઈ જતુ મિલેટ્રીનું પ્લેન લેન્ડિંગ દરમિયાન ક્રેશ થયું

## ફિલિપાઈન્સમાં સૈન્ય વિમાન દુર્ઘટનાગ્રસ્તઃ ૧૭ના મૃત્યુ



મનિલા,

ફિલીપાઈન્સમાં રવિવારના સવારે એક મોટો અકસ્માત સર્જાયો છે. અહીં એક સૈન્ય વિમાન ક્રેશ થયું છે. જેમાં ૮૫ લોકો મુસાફરી કરી રહ્યા હતા જેમાંથી ૧૭ લોકોના મોત નિપજ્યા હતા જ્યારે ૪૦ લોકોને બચાવી લેવાયા છે. ત્યારે હજુ પણ રાહત બચાવ કાર્ય ચાલુ છે. ફિલીપાઈન્સના સૈન્ય પ્રમુખ સિરિલિટો સોબેજનાએ જાણકારી આપતા કહ્યું કે, અકસ્માત દક્ષિણ ફિલીપાઈન્સમાં થયો. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ૪૦ લોકોને અત્યાર સુધી સુરક્ષિત નીકાળવામાં આવ્યા છે.

જાણકારી પ્રમાણે ફિલીપાઈન્સની વાયુસેનાના એક C-130 વિમાન જેમાં ૮૫ લોકો મુસાફરી કરી રહ્યા હતા, રવિવારની સવારે પાટીકુલ સુલૂની પાસે અકસ્માતનો શિકાર થયું. સમાચાર છે કે વિમાન જ્યારે સુલૂ પ્રાંતમાં જિલો દ્વીપ પર ઉતરવાનો પ્રયત્ન કરી રહ્યું હતું તે સમયે વિમાનમાં આગ લાગી ગઈ, વિમાન જમીન પર પડ્યા બાદ આગના ગોળામાં ફેરવાઈ ગયું. વિમાન ક્રેશ થયું હોવાના સમાચાર મળતા જ ત્યાં પહોંચેલા અધિકારીઓએ આગ ઓલવવાનું કામ શરુ કર્યું.

અત્યાર સુધી વિમાનથી ૪૦ લોકોને જીવતા નીકાળવામાં આવ્યા છે. એ જાણકારી અત્યાર સુધી નથી મળી કે અકસ્માત કઈ રીતે સર્જાયો. અત્યારે વિમાનની અંદર ફસાયેલા લોકોને નીકાળવામાં આવી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે, યાત્રા કરી રહેલા લોકોએ હાલમાં જ બેઝિક મિલિટ્રી ટ્રેનિંગ લીધી હતી. આ લોકોને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે જાણીતા આઈલેન્ડ્સ પર તહેનાત કરવામાં આવવાના હતા. ફિલિપાઈન્સના આ આઈલેન્ડ પર મુસ્લિમ વસ્તી વધારે છે. અહીં મોટી સંખ્યામાં સૈનિકો તહેનાત રહે છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ સાઉથ કાગાયન ડી ઓરો શહેરના સૈનિકો સાથે જોલો આઈલેન્ડ જઈ રહ્યું હતું. સાથે જ એવું કહેવામાં આવી રહ્યું છે કે લેન્ડિંગ સમયે પાયલોટ રન-વે પર પ્લેન લેન્ડ કરી શક્યો ન હતો. જેના કારણે વિમાન રનવેની બાજુના ઝાડ સાથે અથડાયું હતું. આ ટક્કરને કારણે વિમાનમાં ભરાયેલા અત્યંત જ્વલનશીલ બળતણમાં આગ લાગી હતી.

ઉલ્લેખનીય છે કે, અનેક દશકાઓથી સરકારી દળ સુલુના મુસ્લિમ બહુમતી ધરાવતા પ્રાંતમાં અબૂ સય્યાફના ચરમપંથિઓ સામે ઝઝૂમી રહ્યા છે. જોકે સૈન્ય પ્રવક્તા કર્નલ એડગાર્ડ અરેવલોના કહેવા પ્રમાણે વિમાન પર કોઈ પણ પ્રકારના હુમલાના કોઈ સંકેત નથી મળ્યા. આ દુર્ઘટનાની તપાસ કરવામાં આવશે પરંતુ હાલ બચાવ અને ઉપચાર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

## ગત ૨૪ કલાકમાં ૪૩,૦૭૧ નવા કોરોનાના કેસ, ૯૫૫ ના મોત

ન્યુ દિલ્હી,

ભારતમાં સતત નવા કેસમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. ગુરુવારે નવા કેસની સંખ્યા ૪૮ હજાર અને મૃત્યુઆંક ૧૦૦૦ને પાર ગયા બાદ તેમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. જોકે, ગઈકાલની સરખામણીમાં આજે નોંધાયેલા કેસમાં મૃત્યુઆંકમાં ઉછાળો આવ્યો છે. ગઈકાલે રજૂ કરાયેલા શુક્રવારના કેસ મુજબ નવા ૪૪,૧૧૧ સંક્રમણ નોંધાયા હતા અને મૃત્યુઆંક ૭૩૮ પહોંચી ગયો હતો. જોકે, આજે નોંધાયેલા નવા આંકડામાં મૃત્યુઆંક વધ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય મુજબ પાછલા ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૪૩,૦૭૧ કેસ નોંધાયા છે, જેની સામે ૯૫૫ લોકોના મોત થયા છે. જોકે, આ મૃત્યુઆંક ગઈકાલની સરખામણીમાં મોટો છે.

વધુ ૫૨,૨૯૯ દર્દીઓ સાજા થતા કોરોનાના કુલ સાજા થયેલા દર્દીઓનો આંકડો વધીને ૨,૯૬,૫૮,૦૭૮ થઈ ગયો છે. જ્યારે કોરોનાનો સંક્રમણ આંકડો ૩,૦૫,૪૫,૪૩૩ પર પહોંચી ગયો છે. જ્યારે કુલ મૃત્યુઆંક વધીને ૪,૦૨,૦૦૫ થઈ ગયા છે. કોરોનાના સંક્રમણને હરાવીને સાજા થનારા દર્દીઓની સંખ્યામાં સતત વધારો થવાના કારણે એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૪,૮૫,૩૫૦ થઈ ગઈ છે.

૧૬ જાન્યુઆરીએ ભારતમાં કોરોનાના રસી અભિયાનનો પ્રારંભ થયો હતો. દેશમાં અત્યાર સુધી ૩૫ કરોડથી વધુ રસીના ડોઝ અપાઈ ચૂક્યાં છે. શનિવારે ૧૮-૪૪ વર્ષના ૨૮,૩૩,૬૯૧ લોકોને પર્થમ ડોઝ અને ૩,૨૯,૮૮૯ લોકને બીજો ડોઝ અપાવામાં આવ્યો હતો. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ વર્ગવયના કુલ ૯૯,૪૩૪,૮૬૨ લોકોને પ્રથમ ડોઝ અને ૨૭,૧૨,૭૯૪ને બીજો ડોઝ અપાયો છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે પહેલી જુલાઈ સુધીમાં કુલ ૪૧,૮૨,૫૪,૯૫૩ સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ૨૪ કલાકમાં વધુ ૧૮,૩૮,૪૯૦ સેમ્પલ લેવામાં આવ્યા છે.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૪ મેના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે. ૧૮મેના રોજ જાહેર થયેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨.૫ કરોડને પાર થઈ ગઈ હતી. ૨૩ મેના નવા કેસ સાથે કુલ કેસ ૩ કરોડને પાર થઈ ગયા છે.

તો બીજી તરફ નીતિ આયોગના સભ્ય વી. કે પોલે કહ્યું કે 'અત્યારે પણ આપણે બીજી લહેર સામે ઝઝૂમી રહ્યા છીએ. કોરોનાની બીજી લહેર હજુ પુરી થઈ નથી. ત્રીજી લહેર આવે કે ન આવે તે આપણા હાથમાં છે. જો આપણે અનુશાસનમાં છીએ, અટલ નિશ્ચય રાખીશું તો આ ત્રીજી લહેર નહી આવે. તેમણે આગળ કહ્યું કે ચેન ઓફ ટ્રાંસમિશન રોકવું જરૂરી છે. વાયરસ સામે લડાઈ હજુ ચાલુ છે.

## અમદાવાદમાં રેકોર્ડબ્રેક વેક્સિનેશન બાદ રવિવારે બંધના પાટિયા પડ્યા



અમદાવાદ,

કોરોનાની ત્રીજી લહેરના ફફડાટ વચ્ચે બને તેટલું ઝડપથી નાગરિકોને કોરોના રસી અપાઈ જાય તે માટે તંત્ર બરાબર લાગી ગયું છે. ગઈકાલે એએમસીના હેલ્થવિભાગ દ્વારા સૌથી વધુ લોકોને વેકસીન આપવાની વાતો કરાઈ હતી તેનું આજે જાણે સૂરસૂરિયું થઈ ગયું હોય એવું લાગી રહ્યું. આજે સવારથી અમદાવાદના લોકો વહેલી સવારથી રસીકરણ કેન્દ્રોની બહાર લાંબી લાંબી લાઈનો લગાવીને ઉભા છે. ત્યાં આજે અમદાવાદના કેટલાંક સેન્ટરો પર વેકસીનનો કાર્યક્રમ બંધ હોવાના પાટિયા લટકતા હતા. ઉલ્લેખનીય છે કે ગઈકાલે એએમસી દ્વારા ૪૪૫૪૦ નાગરિકોને વેક્સીન આપવામાં આવી હતી. અત્યાર સધીમાં એએમસીના હેલ્થ વિભાગ દ્વારા સૌથી વધુ લોકોને વેક્સીન આપવામાં આવી છે. આમ, અમદાવાદમાં વેક્સીનેશન કામગીરીમાં ફરી એકવાર તેજ ગતિ જોવા મળી હતી તેવી માહિતી બધે આવી હતી. જોકે, તા.૨૧ જૂનના રોજ વેકસીનેશન મહાભિયાન અંતર્ગત મ્યુનિ. શાસકો દ્વારા દરરોજ એક લાખ લોકોને વેક્સીન આપવાના કરાયેલા દાવા આજે ફરી પોકળ સાબિત થયા હતા.

રાજ્ય સરકાર દ્વારા વેક્સીનનો ઓછો જથ્થો આપવામાં આવતો હોવાને કારણે છેલ્લાં બે સપ્તાહથી નાગરિકોને વેક્સીન લેવા માટે ધક્કા ખાવા પડે છે. મ્યુનિ. દ્વારા કરવામાં આવતી માંગણીની સરખામણીએ ૨૫ હજાર રસી ડોઝ મળવાને કારણે વેક્સીનેશન સેન્ટરો પર 'નો વેક્સીન'ના બોર્ડ લગાવવા પડયા હતા. જોકે, અમદાવાદમાં શનિવારે અત્યાર સુધી સૌથી વધુ રેકોર્ડ બ્રેક ૪૪,૫૪૦ નાગરિકોને રસી આપવામાં આવી હતી. અગાઉ ૨૪ જૂને ૪૧,૮૮૭ને રસી આપવામાં આવી હતી. અત્યાર સુધી શહેરમાં કુલ ૩૦,૧૪,૩૨૬ લોકોને રસી આપવામાં આવી છે. જેમાં ૨૫,૧૬૧ પુરુષ, ૧૯૩૬૩ મહિલા તેમજ ૧૬ ટ્રાન્સજેન્ડરનો પણ સમાવેશ થાય છે.

## દૂધના ભાવવધારા સામે ટીમ રિવોલ્યુશન દ્વારા દૂધની થેલીનું વિતરણ કરી વિરોધ કર્યો



વડોદરા,

હાય મોંઘવારી અને અચ્છે દિન આયેગેના સ્લોગનથી કેન્દ્રની સત્તા પ્રાપ્ત કરનાર બીજેપીના શાસનકાળ દરમ્યાન મોંઘવારીએ માઝા મૂકી છે ત્યારે મોંઘવારીનો આનોખો વિરોધ કરવા જાણીતા બનેલ ટીમ રિવોલ્યુશનના સ્વેજલ વ્યાસ દ્વારા દૂધના ભાવ વધારાનો વિરોધ કરવા વેહલા તે પેહલાના ધોરણે ૩૦૦૦ દૂધની થેલીનું મફત વિતરણ કરી દૂધના ભાવવધારાનો અનોખી રીતે વિરોધ કરવામાં આવ્યો હતો. સ્વેજલબેનનું કહેવું છે કે સામાન્ય નાગરિક અબકી બાર મહેંગી સરકાર નું સૂત્ર બોલે તો તેમને એક થેલી દૂધ ની મફત આપવા માં આવી હતી અગાઉ આ ગ્રુપ દ્વારા પેટ્રોલનું આ રીતે મફત વિતરણ કરી પેટ્રોલના ભાવવધારાનો વિરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે અગાઉ પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવ સામે વિરોધ કરવા ટીમ રિવોલ્યુશને ભાજપનો ખેસ પહેરીને કે કાર્ડ લઈ આવનારને ફ્રી પેટ્રોલ આપવાની કરાયેલી ઓફરમાં દોઢ કલાકમાં ૩૧૦ લોકોએ કૂપન મેળવી હતી. કેટલાક લોકો ભાજપનું કાર્ડ લઈને જયારે એક કાર્યકર ભાજપનો ખેસ પહેરીને આવ્યા હતા. સામાન્ય લોકોને વંદેમાતરમ અને ભારત માતાની જય બોલાવ્યા બાદ ફ્રી પેટ્રોલની કૂપન અપાઈ હતી. આ નોખા વિરોધનો કાર્યક્રમ ભાજપમાં ચર્ચાનો વિષય બન્યો હતો. વડોદરાના સુભાનપુરા પેટ્રોલ પંપ ઉપર પ્લે કાર્ડ સાથે ઉભા રહી ટીમ રિવોલ્યુશને ભાજપના સૂત્રો બોલનાર વાહનચાલકોને ૧ લીટર પેટ્રોલ મફત અપાવ્યું હતું.

## કોરોનાથી માનસિક સ્થિતિ પર અસર, સિવિલમાં દર્દીઓમાં ધરખમ વધારો



અમદાવાદ,

શહેરની સિવિલ હોસ્પિટલમાં કોરોના બાદ મ્યુકોરમાઈકોસિસમાં કેટલાંક અંશે રાહત થઈ છે. ત્યારે કોરોનાથી માનસિક સ્થિતિ પર થતી અસર ચિંતાનો વિષય બની છે. બે મહિનામાં દર્દીઓમાં ધરખમ વધારો થયો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મે મહિનામાં તેના ૧૪૫૩ કેસ જ્યારે જૂનના ૮ દિવસમાં ૪૩૮ માનસિક દર્દી સારવાર માટે સિવિલ હોસ્પિટલના માનસિક વિભાગમાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે સિવિલમાં આવી રહેલા દર્દીઓમાં ડિપ્રેશન, સ્વજનો ગૂમાવવાનું દુઃખ, માનસિક તણાવ, વારંવાર એક જ પ્રવૃતિઓ કરતા હોય તેવાનો સમાવેશ થાય છે. દરરોજ ૫૦ દેટલા માનસિક રોગોના દર્દીઓ હોસ્પિટલમાં આવી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. કોરોનાને કારણે આર્થિક રીતે ભાગી પડેલા લોકોને પણ માનસિક અસર જોવા મળી રહી છે. કોરોનાના ડરના કારણે લોકો વારંવાર હાથ ધોવા, સેનિટાઈઝ કરવું, માસ્કથી કંટાળો આવવો, સતત માસ્ક પહેરી રાખવું જેવી પ્રવૃતિઓ કરી રહ્યા છે. ઉપરાંત લોકોને સતત મને કોરોના થઈ જશે તેવો ડર સતાવતા આ પ્રકારની પ્રવૃતિઓ વધુ કરવા લાગ્યા છે. એટલું જ નહીં, ઘરમાં જ રહેવાથી પતિ-પત્ની વચ્ચે ઝઘડાઓ વધતાં માનિસક અસર જોવા મળી રહી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે બાળકોને ઓનલાઈન શિક્ષણને કારણે શિક્ષણની ગુણવત્તા પણ ઓછી થઈ ગઈ છે. સાથે ઘરમાં જ રહેતા હોવાથી સ્વભાવ પણ ચીડિયો થઈ જાય છે. જ્યારે ભણવા સિવાય મોબાઈલ અને ઈન્ટરનેટને કારણે અન્ય પ્રવૃતિઓ કરતા થા છે. આમ બાળકોને ફિઝિકલ એક્ટિવિટી બંધ થઈ જતા માનિસક અસર જોવા મળી છે. સિવિલમાં કોરોના બાદ સ્કિન ડીસિઝના કેસોમાં પણ વધારો જોવા મળ્યો હતો. બે મહિનામાં સ્કીન ડિસીઝના કેસોમાં ધરખમ વધારો થયો છે.

## બિહારમાં ભારે વરસાદના કારણે નદીઓ ગાંડીતૂરઃ ૧૧ જિલ્લામાં પૂર જેવી પરિસ્થિતિ



પટના,

બિહારના અનેક જિલ્લાઓમાં સતત વરસી રહેલા વરસાદના કારણે નદીઓનું જળસ્તર ઝડપથી વધી રહ્યું છે. રાજ્યના સીતામઢી, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, ખગડિયા, ચંપારણ સહિતના ૧૧ જિલ્લાઓમાં પૂરની સ્થિતિ નિર્માણ પામી છે. આ તરફ દરભંગામાં પૂરના પાણીના કારણે અતિહાર ગામ ખાતે આવેલું સબ હેલ્થ સેન્ટર તણાઈ ગયું હતું.

બિહારમાં કોસી અને ગંડક નદીનું જળસ્તર ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. આ કારણે અનેક ગામોમાં પાણી ભરાઈ ગયા છે. નદીઓ ગાંડીતૂર બની હોવાથી ડરી ગયેલા લોકો પૂરની આશંકાએ ઉંચાણવાળા સ્થળોએ જઈ રહ્યા છે. બિહારના મોતિહારી ખાતે પણ પૂરનો પ્રકોપ ચાલુ છે.

ગંડક, બાગમતી, કમલા અને મહાનંદા નદીનું જળસ્તર પણ ખૂબ જ તેજીથી ઉંચુ આવી રહ્યું છે. કમલા અને બાગમતી નદી જોખમના નિશાનની ઉપર વહી રહી છે. જ્યારે ગંડક નદીમાં જળસ્તર વધવાથી પશ્ચિમી ચંપારણ, ગોપાલગંજ અને સારણની સ્થિતિ પણ બગડી રહી છે. ખિરોઈ, બાગમતી, કમલા, લાલબકેયા અને અધવારા સમૂહની નદીઓ પણ જોખમના નિશાનની ઉપર વહી રહી છે.

દુધૌરા બાદ તિલાવે અને બંગરી નદી પર બનેલા બાંધ તૂટવાના કારણે તબાહી વધી છે. પાણી ખૂબ જ ઝડપથી નવા નવા ક્ષેત્રોમાં પ્રવેશી રહ્યું છે જેથી તબાહી વધી રહી છે. સ્થિતિની ભયાનકતાને ધ્યાનમાં રાખીને જિલ્લા પ્રશાસને એસડીઆરએફની ટીમ તૈનાત કરી છે જે રેસ્ક્યુનું કામ કરી રહી છે.

## દેશમાં વધતી વસ્તીને લઈને સુપ્રિમ કોર્ટમાં બે અરજી દાખલ



ન્યુ દિલ્હી,

દેશમાં વધી રહેલી વસ્તીને લઈને હવે સુપ્રીમ કોર્ટમાં બે અરજીઓ દાખલ કરવામાં આવી છે. એવું કહેવામાં આવે છે કે વસ્તી વિસ્ફોટ એ દેશની ઘણી સમસ્યાઓનું મૂળ છે, તેથી તેને નિયંત્રિત કરવું તે ખૂબ જ જરૂરી છે. આ અરજીઓ ભાજપના નેતાઓ અને વકીલ અશ્વિની ઉપાધ્યાય અને ફિરોઝ બખ્ત અહેમદ દ્વારા કરવામાં આવી છે. ફિરોઝ દેશના પ્રથમ શિક્ષણ પ્રધાન મૌલાના અબુલ કલામ આઝાદનો પ્રપૌત્ર છે.

ફિરોઝની પિટિશનમાં જણાવાયું છે કે ભારતની અસલ વસ્તી સત્તાવાર રેકોર્ડમાં જણાવ્યા કરતા વધારે છે. આનાથી દેશના વિકાસને અસર થાય છે. ભારતમાં ૫૦ ટકા સમસ્યાઓનું મૂળ વસ્તી વિસ્ફોટ છે. તેથી સરકારી નોકરી, મતદાન, ચૂંટણી લડવી અને સબસિડી લેવી જેવી અન્ય બાબતોમાં બે બાળકોની નીતિ ફરજિયાત બનાવવી જોઈએ.

અમેરિકાને પાછળ છોડી જવાનું સપનું જોનાર ચીન જન્મદરમાં ઘટાડો થતાં પરિણામોથી ચિંતિત છે. જૂન ૨૦૧૯માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા બહાર પાડવામાં આવેલા એક અહેવાલ મુજબ, આવતા વર્ષોમાં ચીનમાં વસ્તીમાં ઘટાડો થશે. જ્યારે, ૨૦૨૭ સુધીમાં ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની શકે છે. ચીનની સેન્ટ્રલ બેંકે પણ રિપોર્ટમાં કહ્યું છે કે ચીનની વૃદ્ધ વસ્તી ભારતની યુવા વસ્તીનો મુકાબલો કરવામાં નિષ્ફળ થઈ જશે.

## રાફેલ ડીલ પર કોંગ્રેસે મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા



ન્યુ દિલ્હી,

ભારત સાથે ફાઈટર પ્લેન રાફેલ ડીલ પર ફ્રાંસમાં આ ડીલની તપાસને લઈ એક જજની નિયુક્તિ કરવામાં આવી છે, જે બાદ કોંગ્રેસ સતત આ મુદ્દે મોદી સરકારને ઘેરવાનો પ્રયત્ન કરી રહી છે. રવિવારે ફરી એકવાર કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ રાફેલ ડીલમાં થયેલી હેરાફેરીને લઈ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસે કહ્યું- વચેટિયાઓને કરોડો રૂપિયા મળ્યા હોવાનું દસ્તાવેજો પરથી જાણવા મળે છે.

કોંગ્રેસે ભારતના ૫૯ હજાર કરોડ રૂપિયાના રાફેલ જેટ ડીલના તાજેતરના ઘટનાક્રમ પર નરેન્દ્ર મોદી સરકારની કથિત ચુપ્પી પર રવિવારે હુમલો બોલ્યો છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે સામે આવેલા દસ્તાવેજો મુજબ આ ડીલમાં વચેટિયાને ભારે માત્રામાં ધન ચૂકવવામાં આવ્યું છે. અગાઉ શનિવારે આ મેગા ડીલ પર સામે આવેલ વિવાદ બાદ કોંગ્રેસે એક સંયુક્ત સંસદીય સમિતિની તપાસની માંગ કરી હતી.

કોંગ્રેસે ભારતના ૫૯ હજાર કરોડ રૂપિયાના રાફેલ જેટ ડીલના તાજેતરના ઘટનાક્રમ પર નરેન્દ્ર મોદી સરકારની કથિત ચુપ્પી પર રવિવારે હુમલો બોલ્યો છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે સામે આવેલા દસ્તાવેજો મુજબ આ ડીલમાં વચેટિયાને ભારે માત્રામાં ધન ચૂકવવામાં આવ્યું છે. અગાઉ શનિવારે આ મેગા ડીલ પર સામે આવેલ વિવાદ બાદ કોંગ્રેસે એક સંયુક્ત સંસદીય સમિતિની તપાસની માંગ કરી હતી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પી. એમ. રાઠવા

મુ. વેડ, તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એસ. પી. રાઠોડ

મુ. ઘોળીકુઈ, તા. હાલોલ

### સંતરામપુરના ધારાસભ્ય, જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીની પ્રેરક ઉપસ્થિતિ

# ગામમાં વેકિસનેશનની સાથે આંગણવાડીના બાળકોને ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઇ રહે તે માટે તેમજ રસીકરણ અંગેની ખોટી અફવાઓ અને ભ્રમ દૂર કરવા માટે મહીસાગર જિલ્લાના આદિજાતિ અને અંતરિયાળ એવા બેટ વિસ્તારમાં કડાણા જળાશયની જળરાશિથી ચોતરફ ઘેરાયેલ એવા રાઠડા–ચાંદરી બેટ ગામે વસવાટ કરી રહેલા લોકો ડર્યા વગર કોરોના વિરોધી રસી મૂકાવે તે માટે જિલ્લાળ વહીવટી તંત્ર દ્વારા પ્રેરક સંદેશો આપવા માટે ખાસ વેકિસનેશન ડ્રાઇવ યોજવામાં આવી હતી.

આ ગામમાં અવર જવર માટે જળમાર્ગ નાવડીમાં બેસીને જ જઇ શકાય છે. કડાણા તાલુકાના રાઠડા–ચાંદરી બેટ ગામમાં વસવાટ કરી રહેલા નાગરિકો ડર્યા વગર કોરોના પ્રતિરોધક રસી મૂકાવી પોતે અને પોતાના પરિવારને બચાવી શકે તે માટે સંતરામપુરના ધારાસભ્યે કુબેરભાઇ ડીંડોર, જિલ્લા પંચાયતના પ્રમુખ રમીલાબેન ડામોર, જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી સહિત પદાધિકારીઓ અને આરોગ્યની ટીમ નાવમાં બેસીને રાઠડા–ચાંદરી બેટ ગામે પહોંચ્યાલ હતા.જયાં ગામના સરપંચ પર્વતભાઇ સહિત ગ્રામજનોએ સૌને આવકાર્યા હતા.

જિલ્લા કલેકટરએ આદિજાતિ અને અંતરિયાળ વિસ્તારના લોકોમાં ખોટી અફવાઓ અને ભ્રમમાંથી બહાર આવી કોરોના પ્રતિરોધક રસી મૂકાવીને પોતે અને પરિવાર સલામત રહે તે માટેનો સંદેશો પાઠવવાની સાથે વેકિસનેશનને પાત્ર તમામ લોકો રસી મૂકાવી તેવા અભિગમ સાથે આ આ ખાસ વેકિસનેશન ડ્રાઇવ યોજવામાં આવી હોવાનું કહ્યું હતું. વધુમાં તેમણે ગ્રામજનોને કોરોના રસીની કોઇ આડઅસર ન હોઇ ખોટી અફવાઓથી દૂર રહી કોઇપણ પ્રકારનો ડર રાખ્યામ વગર કોરોના રસી મૂકાવી દઇ પોતે અને પોતાના પરિવારજનોને સુરક્ષિત રાખવાની અપીલ કરી છે.

આ વિસ્તારના લોકો કોરોના રસીની અફવાઓ અને ડરના કારણે રસી મૂકાવા માટે જાગૃત ન હતા, પરંતુ જિલ્લાન વહીવટી તંત્ર દ્વારા યોજવમાં આવેલ આ ખાસ વેકિસનેશન ડ્રાઇવમાં મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં ગામના સરપંચ પવર્તભાઇએ રસી મૂકાવી લોકોને કોરોના પ્રતિરોધક રસી અંગે અફવાઓથી દૂર રહેવાનો પ્રેરક સંદેશો આપ્યો હતો. આવા આ અંતરિયાળ વિસ્તારમાં જિલ્લા વહીવટીતંત્ર, ધારાસભ્યવ અને સરપંચના વિશેષ પ્રયાસોથી ગ્રામજનોમાં પ્રવર્તી રહેલ અફવાઓ અને ખોટા ભ્રમને દૂર કરવામાં સફળતા મળી હતી અને રાઠડા–ચાંદરી બેટ ગામે આ યોજાયેલ વેકિસનેશન ડ્રાઇવમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લઇને વેકિસનેશન કરાવીને કોરોના વિરોધી સુરક્ષા કવચ ગ્રહણ કર્યું હતું.

સરપંચએ આ પ્રસંગે ગામના રસી મૂકાવવા પાત્ર થતાં તમામ લોકો ૧૦૦ ટકા રસી મૂકાવી દેશે તેવી જિલ્લા વહીવટીતંત્રને ખાત્રી આપી સરકાર દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થાને બિરદાવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તાજેતરમાં સમગ્ર રાજયની આંગણવાડીના ૧૪ લાખ બાળકોને રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે ગણવેશ આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તેના ભાગરૂપે ગામના આંગણવાડીના બાળકોને ગણવેશ આપવામાં આવ્યા હતા. જયારે પ્રકૃતિની ગોદમાં આવેલ આ ગામમાં ઉપસ્થિત સર્વેએ વૃક્ષારોપણ પણ કર્યું હતું. અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, કોરોનાની મહામારીના સમયમાં પણ આ વિસ્તારના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને આરોગ્યની સુખાકારી માટે જરૂરી આવશ્યક આરોગ્યની તમામ કીટ સાથે દર માસે એક વખત બોટ મારફતે પહોંચી જાય છે અને આ ટીમ દ્વારમ ઘરે–ઘરે અને ખેતરમાં વસવાટ કરતા હોય તો ત્યાં જઇને પણ દરેક નાગરિકોના આરોગ્યની ચકાસણી કરે છે. આ પ્રસંગે પ્રાંત અધિકારી જાદવ, આઇ.સી.ડી.એસ. ના નાયબ નિયામક નેહા કંથારિયા, મામલતદાર કડાણા, તાલુકા વિકાસ અધિકારી કડાણા સહિત પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જિલ્લા ગ્રામ વિકાસ વિભાગ હસ્તકની વિવિધ યોજનાઓની રાજ્ય મંત્રીની અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઇ



લુણાવાડા,
કોરોના વાયરસ મહામારી ફેલાવાના કારણે જે પડકારો ઉભા થયા છે. તે ગંભીર હોવા છતાં આ પડકારોને તક ગણીને ગ્રામ્ય વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ વિસ્તારવા અને રોજગારીનં સર્જન કરવા માટેના પ્રયાસો હાથ ધરી ગ્રામીણ રોજગારીનું વિવિધિકરણ કરવાની નેમ સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે. ત્યારે રાજ્ય ના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સપ્તાહમાંબે જિલ્લામાં પ્રવાસ કરી ગ્રામ વિકાસ વિભાગની યોજનાઓ અને વિકાસ કાર્યો અંગે બેઠક યોજી ખુટતી કડીઓ પુર્ણ કરવા આપેલ માર્ગદર્શન અનુસાર આજ રોજ ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, પશુપાલન અને ગૌસંવર્ધન રાજ્ય મંત્રી બચુભાઇ ખાબડના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીની ઉપસ્થિતિમાંમહીસાગર જિલ્લા પંચાયત કચેરી લુણાવાડા ખાતે વિડીયો કોન્ફરન્સ હોલમાં ગ્રામ વિકાસ વિભાગ હસ્તકની યોજનાઓની સમીક્ષાબેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં મંત્રી ખાબડે વિડીયો પ્રેઝન્ટેશનના માધ્યમથી ગ્રામ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓનો પ્રગતી અહેવાલ નિહાળી થયેલ કામગીરીની સમીક્ષા કરી જિલ્લા કામગીરી અંગે સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, મિશન મંગલમસહિત યોજનાઓમાંજિલ્લા ગ્રામ વિકાસ વિભાગ દ્વારા થયેલ ઉત્કૃષ્ઠ કામગીરીના પગલે રાજ્યમાંમહીસાગર જિલ્લો ચતુર્થ ક્રમાંકેઆવી ગ્રામીણ વિકાસમાં અગ્ર હરોળમાં સ્થાન મેળવ્યું છે. હજુ પણ ગ્રામ વિકાસ વિભાગનીયોજનાઓમાં નવનિયુક્ત જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શનમાં વધુ સારી કામગીરી કરશે તેવી આશા વ્યક્ત કરી હતી. વધુમાં મનરેગા અંતર્ગત આંગણવાડી કેન્દ્રોની કામગીરીમાં સમગ્ર રાજ્યમાં જિલ્લો દ્રિતીય ક્રમાંકે છે ત્યારે રોજગાર સર્જનમાં મનરેગા યોજના વધુ લોકોને રોજગારી આપી ગ્રામીણ વિકાસને વેગવાન બનાવવામાં મહત્વની ભૂમિકા અદા કરી રહી છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.કે.જાદવે ગ્રામ વિકાસ વિભાગ હસ્તકની યોજનાઓનો ચિતાર વિડીયો પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરી મંત્રીને નિર્ધારીત લક્ષ્યાંકો અને થયેલ કામગીરીથી અવગત કરાવ્યા હતા.જિલ્લાના છ તાલુકા વિકાસ અધિકારીઓએપોતાના તાલુકામાં થયેલ કામગીરીની રૂપરેખા આપી હતી. આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારીઓ કર્મચારીઓ અને એપીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સંતરામપુર નગરપાલિકા દ્વારા સરદાર નગર સોસાયટીમાં દૂષિત પાણી આવતા સ્થાનિક રહીશોમાં આક્રોશ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરપાલિકા દ્વારા ચાર દિવસે આપવામાં આવતું પાણી તે પણ પીવાલાયક કે વપરાશ માટે ઉપયોગમાં આવતો જ નથી. સંતરામપુર નગરપાલિકા દ્વારા સરદાર નગર સોસાયટીમાં ગટર લાઇન લીકેજ હોવાના કારણે ગટરનું ગંદુ પાણી સ્થાનિક રહીશોના ઘર કનેક્શન ની અંદર પીવાના પાણી સાથે પાણીના બદલે કાદવ કીચડ બહાર આવેલું જોવાઈ રહ્યું હતું. નગરપાલિકાની બેદરકારી અને સરદાર નગર સોસાયટીમાં ગંદા પાણીનો નિકાલ ન હોવાના કારણે પીવાના પાણીની પાઈપ અને ગટર લાઈનની પાઇપ મિશ્રણ થવાના કારણે પાણીના બદલે સ્થાનિક રહીશોના નળ કનેક્શન માં કાદવ કચરો નીકળ્યો હતો. આવી ગંભીર પરિસ્થિતિ બહાર આવેલી છે. દૂષિત પાણીના કારણે રોગચાળો અને સ્થાનિક રહીશોના આરોગ્ય આરોગ્ય માટે નું ગંભીર પ્રશ્નો ઉભો થયો છે પરંતુ નગરપાલિકા દ્વારા બેદરકારી અને બે જવાબદારી સતત અને સ્થાનિક રહીશોની વ્યાપક બૂમ ઉઠવા પામેલી છે. હવે સંતરામપુર નગરમાં સરદાર નગર સોસાયટીના માં દૂષિત પાણી આવતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

## મહીસાગર જિલ્લો કોરોના મુકત : સતત ચૌદમાં દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં સતત ચૌદમાં દિવસે એકપણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોનામુકત રહ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૪–૦૭–૨૦૨૧ના સાંજના ૪–૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે. હાલ જિલ્લામાં એકપણ દર્દી સારવાર હેઠળ નથી. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૧૮ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/કોરોનાના કુલ ૨૯૩૦૪૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગરવાસીઓએ જેમ સતત છેલ્લા ચૌદ દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લાને કોરોનામુકત બનાવવામાં જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુકત રહે અને હવે જિલ્લો વેકિસનયુકત બને તે જોવા અપીલ કરવામાં આવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૫-૦૭-૨૦૨૧, સોમવાર, જેઠ વદ-૧૧, સૂર્યોદય-૫-૨૮, સૂર્યાસ્ત-૭-૨૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ ભરણી

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૫.૦૭.૨૦૨૧ સોમવાર

મેષ (અ.લ.ઈ.):- વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.

વૃષભ(બ.વ.ઉ.):- તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

મિથુન(ક.છ.ઘ.):- તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો.

કર્ક(ડ.હ.):- તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે.

સિંહ(મ.ટ.):- ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું.

તુલા(ર.ત.):- ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે.

વૃશ્ચિક(ન.ય.):- ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે.

મકર(ખ.જ.):- તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

કુંભ(ગ.શ.સ.):- જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે.

મીન(દ.ચ.ઝ.):- કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.

## મહીસાગર જિલ્લા કલેક્ટર ડૉ.મનિષકુમાર હરિ સિધ્ધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત પુસ્તકાલયની મુલાકાતે



લુણાવાડા,
મહીસાગર જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ કડાણા તાલુકાના દધાલીયા ગામ ખાતે જિલ્લા કલેક્ટર ડૉ.મનિષકુમારે તેમના પરિવાર સાથે હરિ સિધ્ધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીતપુસ્તકાલયની મુલાકાત લીધી અને તેના ટ્રસ્ટી કલ્યાણસિંહ પુવાર નાપુસ્તકપ્રેમને બિરદાવ્યો હતો.

અત્રે નોંધનીય છે કે, દધાલિયા ગામના કલ્યાણસિંહ પુવાર તેમના અનેરા પુસ્તકપ્રેમને લીધે જાણીતા છે. તેઓનો અભ્યાસ માત્ર એસ.એસ.સી.પાસ છે. વિવિધ બેંકોમાં સિક્યુરિટી ગનમેનની નોકરી કરી છે. પુસ્તકપ્રેમી સેવાભાવી જીવ પોતે ઉચ્ચ અભ્યાસથી વંચિત રહયાં હતા. તેથી તેમણે પોતાની પીડાને પ્રેરણામાં બદલી અને અનોખુ પુસ્તકાલય શરૂ કર્યુ છે. જેમાં ધર્મ,વિજ્ઞાન, આધ્યાત્મ, સાહિત્ય, કલા,અર્થશાસ્ત્ર,સ્પર્ધાત્મક પરીક્ષાઓના અંદાજે દોઢ લાખ કરતા વધુ પુસ્તકોનો સમાવેશ થાય છે. નાનકડા ખોબા જેવડા દધાલિયા ગામમાં કલ્યાણસિંહનું અનેરા પુસ્તકાલય સર્જનની દૂર દૂર સુધી ખ્યાતિ પ્રસરી છે. એમના આ પુસ્તક પ્રેમ અને સેવાયજ્ઞની સુવાસ સ્વરૂપે સમગ્ર રાજયમાંથી એમને ૧૧૫ થી વધુ સન્માનપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા છે. સાથે સાથે અનેક મહાનુભાવો એમના આ સેવાકાર્યને બિરદાવી અને પ્રોત્સાહિત કર્યા છે.

## લુણાવાડા પાલિકા વિસ્તારમાં બનેલ નવા માર્ગમાં એક મહિનામાં તિરાડો પડતા સ્થાનિક રહિશોમાં રોષ

લુણાવાડા,
લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં હાલ નવીન રોડની કામગીરી ચાલુ છે ત્યારે હનુમાનથી લઈ ચોકડી ચાર રસ્તા સુધીનો નવીન રોડ બને માત્ર એક જ મહિનો થયો છે અને રોડ પર મોટી મોટી તિરાડો પડી જતાં સ્થાનિકોમાં કામગીરી અંગે રોષ જોવા મળી રહ્યો છે. અને કેટલીક જગ્યાએ ગટરોની કામગીરી પણ અધુરી પડી છે. આ રોડ પર અવર જવર પણ ખુબ વધારે રહે છે તેમજ આ રોડ છેલ્લા કેટલાંય સમયથી બિસ્માર હાલતમાં હતો અને રાજય સરકાર દ્વારા તે રોડને નવો બનાવવા માટેની મંજુરી અપાતા રહિશોમાં પણ ખુશીનો માહોલ હતો. પણ આ રોડનુ જેવુ કામ ચાલુ થયુ અને ત્યાં રહેતા રહિશોમાં રોડ બનતા મુશ્કેલીઓ વધી ગઈ છે. કેટલીક જગ્યાએ રોડ નીચો થઈ ગયો તો કેટલીક જગ્યાએ ઉંચો થઈ જવા પામ્યોછે જેથી સોસાયટીઓમાં જતાં રહિશોને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. ત્યારે તેનુ કોઈ નિરાકરણ કે કામ ન થતાં સોસાયટીમાં રહેતા રહિશોમાં રોષ વ્યાપ્યો છે. નગરમાં સૌથી જુની સોસાયટીમાં પાણી ભરાવવાની સમસ્યા પણ ચોમાસામાં થાય છે હજુ લુણાવાડામાં વરસાદ પડ્યો નથી અને રોડ પર તિરાડો પડી ગઈ છે આ જેથી રહિશોની માંગ છે કે આ માર્ગના કામોમાં ચોક્કસ પ્રકારે સર્વે કરવા જોઈએ.

## સંતરામપુર નગરમાં ગુમસ્તા ધારાનો ભંગ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરપાલિકા દ્વારા રવિવારના રોજ સંપૂર્ણ બજાર બંધ રાખવાનું ગુમસ્તા ધારા લાગુ કરવામાં આવેલો હતો પરંતુ સંતરામપુર નગરમાં કેટલાક વેપારીઓએ ધંધા–રોજગાર ચાલુ રાખીને ગુમસ્તા ધારાનો ભંગ કર્યો હતો. નગરપાલિકાના ચીફ ઓફિસર બેજવાબદારી બેદરકારીના કારણે નિયમ મુજબ સરકારી અધિકારી પોતાનું રેસીડન્ટ છોડીને પોતાના વતનમાં જતા રહે છે. નગરપાલિકામાં જવાબદાર રાખી શકે એવા અધિકારી આ દિવસોમાં જોવા જ ના મળે નગરપાલિકામાં દિનપ્રતિદિન વહીવટીતંત્રમાં ખામી અને બેદરકારી બહાર આવેલી છે. સંતરામપુર નગરમાં નીતિ નિયમ પાલન કરવામાં આવતું જ નથી. નિયમ મુજબ અને ચોમાસા દરમિયાન સંતરામપુર હેડ કોટર્સ છોડી શકાતું નથી. તેમ છતાંય નગરપાલિકાના ચીફ ઓફિસર રોજ ના રોજ સંતરામપુર થી દાહોદ પોતાના વતનમાં જતા રહે છે. સંતરામપુર નગરમાં ગુમસ્તા ધારો લાગુ કર્યા પછી કોઈપણ પ્રકારનું દયાન આપવામાં આવતું જ નથી. સંતરામપુર નગરના ૫૦ ટકા લોકોનો રવિવારના રોજ દુકાનો બંધ રાખતા હોય છે અને ૫૦% ખુલ્લી રાખતાં હોય છે. અડધા ઉપર વેપારીઓ સાથે ઘોર અન્યાય થઇ રહ્યો છે. નીતિ નિયમોનું પાલન કરવામાં આવતું જ નથી. સંતરામપુર નગરપાલિકાના ઘણા સમયથી વહીવટીતંત્રમાં ખામી અને બેદરકારી જોવાઈ રહેલી છે, તેમ છતાંય નગરપાલિકા તંત્ર સંતરામપુર નગરના નીતિ નિયમોનું પાલન કરવામાં આવી અને ઉચ્ચ અધિકારીને જિલ્લા કલેકટર સીન સંતરામપુર નગરપાલિકા વિષે પૂરતું દયાન કેવું સ્થાનિક રહીશોને વેપારીઓની ઈચ્છી રહ્યા છે.

## સંતરામપુર નગર પાલિકા વિસ્તારના માર્ગોની હાલત ખખડધજ



સંતરામપુર,
સંતરામપુર પ્રતાપુરા બ્રિજ સર્કલ પાસે, બસ સ્ટેશન ચોકડી, ચાર રસ્તા સર્કલ, ગોધરા ભાગોળ રોડ, ભગવતી હોટલ પાસે, એલઆઈસી પાસે, ગોપી હોટલ પાસે, નવી બેન્ક ઓફ બરોડા પાસે, કારગીલ પેટ્રોલ પંપ, લુણાવાડા રોડ, હરિજન વિસ્તાર રોડ સામે, ભોઈવાળા રાજ ઑટો સેન્ટર પાસે, બરોડા યુનિયન બેન્ક તેમજ વિવિધ વિસ્તાર મહોલ્લામાં રોડ ઉપર મોટા મોટા ખાડા પડી ગયેલ છે. આ વિસ્તાર માંથી પસાર થતા વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. ખાડાના કારણે અકસ્માત થવાનો પણ ભય રહેલ છે. સંતરામપુર શહેરના ૧ એક જાગૃત નાગરિક દ્વારા વારંવાર નગર પાલિકા અને માર્ગ મકાન વિભાગની કચેરીમાં લેખિત અને મૌખિક રજુઆત કરી છતાં પણ તંત્ર દ્વારા સંતોષ કારક જવાબ આપવામાં આવતો નથી. રસ્તાની સમસ્યા અંગે નગર પાલિકામાં જોઈતો પીડબ્લયુડીની ઓફિસ હસ્તકમાં આવે છે અને પીડબ્લયુડી ઓફિસમાં જઈ રજુઆત કરે તો તેઓ નગર પાલિકાના હસ્તકમાં આ રસ્તા આવે છે. તેવો જવાબ આપી અરજદારોને બાઈ બાઈ ચારણી કરાવે છે. જો જાગૃત નાગરિકોને ધક્કા ખવડાવતા હોય તો સામાન્ય નાગરિકોને જવાબ આપવામાં આવતો હસે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સંતરામપૂર નગર પાલિકામાં આ સિવાઈ બીજી કોઈ સમસ્યાની રજુઆત કરવા જાઈ તો ચીફ ઓફિસર દ્વારા સંતોષ રીતે જવાબ પણ આપવામાં આવતો નથી અને પોતાની મનમાની કરે છે. પ્રજાના સેવક તરીકે સરકારે આ અધિકારીની નિમણૂંક કરી છે. ત્યારે સેવકને પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટે સમય જ નથી. તેવી લોકચર્ચા શહેરમાં ચાલી રહેલ છે. રસ્તામાં ગોબાચારીના આક્ષેપો થયા ત્યારે તંત્ર દ્વારા મૌન સેવાયું હતું. તે જ રસ્તા તૂટી જતાં પ્રજા તંત્રને સવાલો પૂછે છે. ત્યારે પણ તંત્ર મૌન છે. આવા લોકો સામે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# કોરોના કાળમાં બંધ પડેલી ટ્રેનો પુનઃ શરૂ થવાની સાથે દાહોદ ખાતેથી સુપરફાસ્ટ ટ્રેનોના સ્ટોપજ બંધ થયાં



દાહોદ,

દાહોદ જિલ્લાના મુખ્ય મથક એવા દાહોદ શહેરના રેલ્વે સ્ટેશન ખાતે છેલ્લા બે વર્ષના સમયગાળા દરમ્યાન કોરોના કાળના કારણે ઘણી એવી ટ્રેનો છે જે હાલ પણ બંધ અને સ્ટોપેજ ન મળતાં મુસાફરોને ભારે હાલાકીનો સામાનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને, હાલ જ્યારે મુંબઈ સેન્ટ્રલ – હજરત નિઝામુદ્દીન – મુંબઈ સેન્ટ્રલ અગસ્ત ક્રાંતિ રાજધાની એક્સપ્રેસ ટ્રેન, ગુવાહાટી – ઓખા સ્પેશીયલ એક્સપ્રેસ ટ્રેન અને કામાખ્યા ગાંધીધામ સ્પેશીયલ એક્સપ્રેસ આ ત્રણ ટ્રેનો ફરી શરૂ કરવામાં આવી છે પરંતુ આ ત્રણ ટ્રેનોનું દાહોદમાં સ્ટોપેજ ન મળતાં મુસાફરોનામાં તેમજ જિલ્લાવાસીઓમાં નારાજગી પણ જોવા મળી છે. અગાઉ આ ત્રણેય ટ્રેનો જ્યારે શરૂ કરવામાં આવી હતી ત્યારે દાહોદ રેલ્વે સ્ટેશનને તેનું સ્ટોપેજ હતું પરંતુ કોરોનાકાળમાં આ ટ્રેનો બંધ રહેતાં આ ટ્રેનો બંધ રહી હતી અને હાલ જ્યારે પુનઃ આ ત્રણેય ટ્રેનો શરૂ થતાં પરંતુ દાહોદ રેલ્વે સ્ટેશનને આ ત્રણેય ટ્રેનોને સ્ટોપેજ ન મળતાં લોકોમાં નારાજગી સહિત મુસાફરીમાં અગવડતાં ઉભી થઈ રહી છે તેવીજ રીતે દાહોદ જિલ્લાવાસીઓની જીવાદોરી સમાન એવી વસાલડ–દાહોદ ઈન્ટરસીટી ટ્રેનનું પણ દાહોદમાં સ્ટોપેજ ન મળતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

કામાખ્યા ગાંધીધામ સાપ્તાહિક સ્પેશીયલ એક્સપ્રેસ ટ્રેનનો પુનઃ આરંભ તારીખ ૩૦મી જુનના રોજથી કરવામાં આવ્યો છે. ગુવાહાટી ઓખા સ્પેશીયલ એક્સપ્રેસ ટ્રેનનો તારીખ ૦૫મી જુલાઈના રોજથી આરંભ થનાર છે અને મુંબઈ સેન્ટ્રલ – હજરત નિઝામુદ્દીન અગસ્ત ક્રાંતિ રાજધાની સ્પેશીયલ એક્સપ્રેસ ટ્રેનનો તારીખ ૦૩ જુલાઈથી પ્રારંભ થઈ આ ત્રણેય ટ્રેનો પુનઃ શરૂ કરવામાં આવી છે. અહીં મોટો પ્રશ્ન એ છે કે, આ ત્રણેય ટ્રેનોનું સ્ટોપેજ જે તે સમયે આ ટ્રેનો શરૂ કરવામાં આવી હતી. તે સમયે ઉપરોક્ત ત્રણેય ટ્રેનોનું સ્ટોપેજ દાહોદ રેલ્વે સ્ટેશને આપવામાં આવ્યું હતું. છેલ્લા બે વર્ષના સમયગાળા દરમ્યાન કોરોના કાળના કારણે આ ટ્રેનો બંધ રહી હતી જ્યારે હાલ પુનઃ આ ટ્રેનો ફરી શરૂ થઈ છે પરંતુ દાહોદના રેલ્વે સ્ટેશન ખાતે સ્ટોપેજથી વંચિત રહેતાં લોકોમાં ભારે નારાજગી વ્યાપી છે. આ ટ્રેનોનો જે તે સમયે પ્રારંભ કરવામાં આવ્યો હતો તે સમયે દાહોદ સ્ટોપેજ મળ્યું હતું અને તે સમયે દાહોદના રાજકીય પક્ષો દ્વારા આ ટ્રેનોનું દાહોદ રેલ્વે સ્ટેશને સ્વાગત પણ કરવામાં આવ્યું હતું પરંતુ જ્યારે હવે આ ટ્રેનો પુનઃ શરૂ થતાં અને દાહોદને સ્ટોપેજથી વંચિત રહેતાં રાજકીય પક્ષો આ ટ્રેનોને પુનઃ દાહોદ ખાતે લાવવા પ્રયાસો કરે તેવી લાગણી અને માંગણી પણ ઉઠવા પામી છે. તેવીજ રીતે દાહોદ જિલ્લાવાસીઓની જીવાદોરી સમાન એવી વલસાડ – દાહોદ ઈન્ટરસીટી માત્ર ગોધરા સુધી જ સ્ટોપેજ મળ્યું છે અને દાહોદ સુધી આ ટ્રેન ન આવતાં મુસાફરો ભારે અગવડતા અનુભવી રહ્યાં છે. આ ટ્રેનને પણ રાબેતા મુજબ દાહોદ સુધી પહોંચાડવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ દાહોદ જિલ્લાના મુસાફરોમાં ઉઠવા પામી છે. મોટા ભાગની ટ્રેનો હાલ કોરોના કાળને કારણે પુનઃ શરૂ કરવામાં આવી નથી અને જેટલી ટ્રેનો પુનઃ શરૂ કરવામાં આવી છે. તેનું સ્ટોપેજ દાહોદને ન મળતાં લોકોમાં નારાજગી વ્યાપી છે. લોકોને ગોધરા, બરોડા, રતલામ જેવા દુર સ્ટેશનો સુધી લાંબા રૂટથી પસાર થવું પડી રહ્યું છે. આવા સમયે દાહોદ રાજકીય રેલ્વે સંબંધિતો દ્વારા રજુઆત કરવામાં આવે આવી ટ્રેનો પુનઃ શરૂ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઈન્દોર દાહોદ રોડ પરિયોજના છેલ્લા ૨૦ વર્ષ ઉપરાંતથી ડચકા ખાય છે. તેમજ ટ્રેનોના સ્ટોપેજ બાબતે દાહોદ સાથે કુણું વર્તન રાખવામાં આવે છે. જોકે રેલ પરિયોજનામાં મધ્ય પ્રદેશના સાંસદો દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવે છે.પરંતું ત્યા આ મામલે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા નિરસતા દાખવતા હોય તેવું લાગી રહ્યું છે. રેલવેના સ્ટોપજ બાબતે ઉપરોક્ત બંધ થયેલી ટ્રેનોના સ્ટોપજ સમયે સાંસદ સભ્ય હાજર રહી સ્ટોપજ બાબતે ફુલહાર થી સ્વાગત કરી ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે હાલ આ ત્રણેય સુપરફાસ્ટ ટ્રેનોના સ્ટોપેજ બંધ થયા બાદ સાંસદ દ્વારા કોઈપણ પ્રતિક્રિયા આપતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

- દાહોદ ને સ્માર્ટ સિટીમાં સામેલ કરાયા બાદ વધુ ને વધુ ટ્રેનોના સ્ટોપેજ મળવાની જગ્યાએ અપાયેલા સ્ટોપેજ બંધ થતાં આશ્ચર્ય ફેલાયું.
- વલસાડ દાહોદ ઈન્ટરસિટી ને પણ ગોધરા સુધી શોર્ટ ટર્મિનેટ કરાઈ.
- રેલ્વે સંબંધી મામલાઓમાં સાંસદનો પનો ટૂંકો પડ્યો.
- દાહોદ-ઈન્દોર રેલ પરિયોજના તેમજ ટ્રેનોના સ્ટોપજ બાબતે સાસંદ દ્વારા કોઈ નક્કર રજૂઆતો ન કરાતા લોકોમાં રોષની લાગણી.

# દાહોદમાં બાંધકામ પ્રવૃત્તિ ફરી શરૂ થતા આર્થિક ગતિવિધિમાં તેજીનો સંચાર



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કોરોના વાયરસના સંક્રમણને પગલે અટકી પડેલી બહુધા આર્થિક ગતિવિધિઓમાં હવે ધીમેધીમે તેજ બની રહી છે. વિશેષતઃ અનેક લોકોને રોજગારી પૂરી પાડી રહેલા બાંધકામ વ્યવસાય શરૂ થતાની સાથે મિલ્કત ખરીદીનું પ્રમાણ પણ વધી રહ્યું છે. દાહોદ જિલ્લામાં માત્ર છેલ્લા ત્રણ જ માસમાં ૧૪૩૯ મિલ્કતોના સોદા થયા છે. આ જ ત્રણ માસમાં ૪૨૦ મિલ્કતો મહિલાઓએ ખરીદ કરી છે. છેલ્લા ત્રણ માસમાં રાજ્ય સરકારને દસ્તાવેજોની નોંધણી માટે ડ્યુટી પેટે રૂ. ૪ કરોડની આવક થઈ છે.

દાહોદ જિલ્લાની વિશેષતા એ છે કે, અહીંથી મોટા પ્રમાણમાં લોકો બાંધકામ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે અને રોજગારી માટે રાજ્યના અન્ય મોટા શહેરોમાં સ્થળાંતર કરે છે. દાહોદમાં પણ કોરોના સંક્રમણના બીજી લહેરની સ્થિતિ હળવી પડતા રાજ્ય સરકારે હળવા કરેલા નિયંત્રણો બાદ બાંધકામ પ્રવૃત્તિમાં ગતિ આવી છે.

દાહોદ નગરમાં કોરોનાના કારણે બંધ પડેલા બાંધકામના નાનામોટા અનેક પ્રોજેક્ટ ફરી શરૂ થયા છે. જો કે, છેલ્લા ત્રણ માસમાં ત્રણ રહેણાંક અને એક બહુહેતુક બાંધકામની મંજૂરી લેવાઈ છે. પણ, એ પૂર્વે મંજૂર થયેલા પ્રોજેક્ટ પાટા ઉપર ચઢી ગયા છે. સમગ્ર દાહોદ જિલ્લામાં મિલ્કતની ખરીદ વેચાણની પ્રવૃત્તિ પણ જોરમાં આવી છે. ખાસ કરીને દાહોદ નગરમાં ઝાલોદ રોડ ઉપર આઈટીઆઈની પાછળના વિસ્તારો, ગોદી રોડ, મંડાવ રોડ, દેલસર, ઉસરવાણ, છાપરી, ગરબાડા રોડ અને કસબા વિસ્તારમાં આવેલી મિલ્કતોના દસ્તાવેજો વિશેષ પ્રમાણમાં નોંધાઈ રહ્યા છે. મજાની વાત તો એ છે કે, રૂ. ૫૦ લાખની કિંમત હોય એવી ૪૨ મિલ્કતનો સોદા છેલ્લા એક વર્ષમાં નોંધાયા છે. રૂ. ૯ અરબ અને ૩૬ કરોડની કિંમતની મિલ્કતોનું ખરીદ વેચાણ થયું છે.

નોંધણી નિરીક્ષક એસ. એસ. હઠીલાએ કહ્યું કે, ગત મે–૨૦૨૦ માસથી મે–૨૦૨૧ સુધીના એક વર્ષમાં દાહોદ જિલ્લામાં કુલ ૭૬૧૦ મિલ્કતોના દસ્તાવેજોની નોંધણી થઈ છે. એની સ્ટેમ્પ ડ્યુટી પેટે રાજ્ય સરકારને રૂ. ૨૧,૦૦,૮૫,૩૧૫ની આવક થઈ છે. આ ઉપરાંત નોંધણી ફી પટે રૂ. ૩,૬૬,૯૯,૭૭૮ની આવક છે. મિલ્કતોની ખરીદીમાં દાહોદની મહિલાઓ પણ કંઈ પાછળ નથી. આ જ એક વર્ષમાં ૧૬૩૯ મહિલાઓના નામે મિલ્કતોની ખરીદી કરવામાં આવી છે. રાજ્ય સરકાર મહિલાઓના નામે ખરીદાતી મિલ્કતોના દસ્તાવેજોની નોંધણીમાં માફી આપે છે.

# દાહોદ જિલ્લામાં બાઈક ચોરો બેફામ બન્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં મોટરસાઈકલ ચોરોના આતંક વધી રહ્યો હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. ઝાલોદ તાલુકાના લીમડી નગર ઝાલોદ બાયપાસ રોડ પર પાર્ક કરેલ એક મોટરસાઈકલની ઉઠાંતરી કરતાં મોટરસાઈકલ ચોર ટોળકી નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતાં આવા વાહન ચોર ટોળકી સામે વાહન માલિકોમાં આક્રોશ ફેલાયો છે. ત્યારે જાણે આવા વાહન ચોરી ટોળકી પોલીસને ખુલ્લો પડકાર ફેંકતાં હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે.

દાહોદ જિલ્લામાં વાહન ચોર ટોળકી સક્રિય થઈ રહી છે. ગત તા.૦૧.૦૬.૨૦૨૧ના રોજ ઝાલોદના લીમડી ઝાલોદ બાયપાસ રોડ ઉપર ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ એક વ્યકિતની મોટરસાઈકલને અજાણ્યા ત્રણેક જેટલા વાહન ચોરી ટોળકી દ્વારા મોટરસાઈકલની ચોરી કરતાં નજીકના સીસીટીવ કેમેરામાં કેદ થઈ ગયાં હતાં. સમગ્ર ચોરીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. કહેવાઈ રહ્યું છે કે, વરસાદ ખેંચાતાં દાહોદ જિલ્લામાં ચોરીની ઘટનાઓ વધી રહી છે. ત્યારે આવી વાહન ચોર ટોળકી પોલીસને ખુલ્લેઆમ પડકાર ફેંકતી હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. વાહન માલિકોમાં પણ ચોર ટોળકી પ્રત્યે રોષ ભભુકી રહ્યો છે. ત્યારે જિલ્લાના પોલીસ તંત્ર સીસીટીવી કેમેરામાં કેદ થઈ રહેલી આવી ચોર ટોળકીને ઝડપી કેમ નથી પાડવામાં આવતી નથી? તેવા અનેક સવાલો પણ જિલ્લાવાસીઓમાં ઉદ્ભવવા પામ્યાં છે. વાહન ચોર ટોળકી સામે જિલ્લા પોલીસ તંત્ર સફાળે જાગી આવા તત્વોને ઝડપી પાડે તેવી લાગણી અને માંગણી પણ જિલ્લાવાસીઓમાં ઉઠવા પામી છે. ત્યારે આ ઘટનાને પગલે પોલીસની નાઈટ પેટ્રોલીંગની કામગીરી ઉપર પણ અનેક સવાલો ઉભા થવા માંડ્યાં છે.

# ધાનપુર કાલીયાવાડ ગામેથી ઘરફોડ ચોરીના બે આરોપીઓને LCB પોલીસે ઝડપ્યા



ધાનપુર,

દાહોદ જિલ્લાના કાલીયાવાડ ગામે ઘરફોડ ચોરી તેમજ જિલ્લામાં તેમજ જિલ્લા બહાર આંતર રાજ્યમાં ઘરફોડ ચોરીના કુલ ૧૧ ગુન્હામાં છેલ્લા ચાર વર્ષથી નાસતો ફરતો હતો અને તેના મુખ્ય સુત્રધાર ગણાતા આરોપી મળે કુલ બે આરોપીને આજરોજ દાહોદ એલ.સી.બી.પોલીસને મળેલ બાતમીના આધારે ધાનપુર તાલુકાના કાલીયાવાડ ગામેથી પોલીસે વોચ દરમ્યાન મોટરસાઈકલ સાથે બંન્ને આરોપીઓને ઝડપી પાડી જેલ ભેગા કર્યાનું જાણવા મળે છે.

ગતરોજ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ધાનપુર તાલુકાના કાલીયાવાડ ગામે ઘરફોડ ચોરીનો આરોપી તેમજ તેનો મુખ્ય સુત્રધાર આરોપી એમ બંન્ને આરોપીઓ ધાનપુર તાલુકાના કાલીયાવાડ ગામે દહમાં ફળિયામાંથી મોટરસાઈકલ લઈ નીકળતાં હોવાની દાહોદ એલ.સી.બી.પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે આ સ્થળે વોચ ગોઠવી ઉભા હતાં તેવામાં આરોપી મહેશભાઈ હિમલાભાઈ દહમા (રહે. કાલીયાવાડ, દહમા ફળિયુ, ધાનપુર,જિ.દાહોદ) અને તેની સાથે મુકેશભાઈ બળવંતભાઈ દહમા (રહે. કાલીયાવાડ, દહમા ફળિયું, તા.ધાનપુર,જિ.દાહોદ) એમ બંન્ને જણાને પોલીસે મોટરસાઈકલ સાથે ઝડપી પાડ્યાં હતાં. આ આરોપીઓએ તેમજ તેમની ગેંગના માણસોએ જિલ્લામાં તેમજ જિલ્લા બહાર કુલ ૧૧ ચોરીઓને અંજામ આપ્યો હોવાનું પોલીસ સમક્ષ કબુલ્યું હતું.

આ ગેંગમાં કુલ ૦૬ સભ્યો સંકળાયેલ છે. જે પૈકી પકડાયેલ આરોપી મહેશભાઈ હિમલાભાઈ દહમા વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસ મથકે ઘરફોડ ચોરીના બે ગુન્હાઓ પણ નોંધાયેલ છે તેમજ એક ગુન્હો ખેડા જિલ્લાના સેવાલીયા પોલીસ સ્ટેશનમાં અને એક પંચમહાલ જિલ્લાના હાલોલ પોલીસ સ્ટેશનમાં પણ નોંધાયેલ છે અન્ય પકડાયેલ આરોપી મુકેશભાઈ બળવંતભાઈ દહમાએ વર્ષ ૨૦૧૮ની સાલમાં ઘરફોડ ચોરીના કુલ ૦૯ ગુનામાં પકડાયેલ જેમાં ગોધરા શહેરના બે, દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન વિસ્તારના બે, હાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારનાએક, વડોદરા શહેર માંજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક, વલસાડ જિલ્લાના ડુંગરી પોલીસ સ્ટેશન ખાતે ઘરફોડ ચોરીના ગુન્હાઓમાં પકડાઈ ચુકેલ છે.

આ આરોપીઓ અને તેમની ગેંગના માણસો દિવસ દરમ્યાન મજુરી કામના બહાને સ્થળ જગ્યાની રેકી કરીરાત્રીના સમયે ચોક્કસ જગ્યાએ ભેગા થતાં હતાં અને પોતાની સાથે લાકડીઓ જેવા મારક હથિયારોથી સજ્જ થઈ રેકી કરેલ બંધ મકાન તેમજ દુકાનોને નિશાન બનાવતાં હતાં અને ચોરીને અંજામ આપતાં હતાં. દાહોદ એલ.સી.બી. પોલીસે ઉપરોક્ત ઝડપાયેલ બંન્ને આરોપીઓની સઘન પુછપરછ હાથ ધરી તેમની ગેંગના અન્ય સાગરરીતોના પણ ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.



મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડીના બાળકોને ગણવેશ આપવાની પહેલ દેશભરમાં ગુજરાત રાજ્ય થકી કરવામાં આવી છે અન્વયે દાહોદ શહેર ના વોર્ડ નં ૯ ગારખાયા આંગણવાડી ખાતે નગરપાલિકા કાઉન્સિલર ઓ તથા વિસ્તારના રહીશો દ્વારા બાળકોને ગણવેશ આપવાની શરૂઆત કરવામાં આવી.વોર્ડનં-૯ માં સમાવિષ્ટ ૫ આંગણવાડીમાં આશરે ૨૧૦ બાળકોને ગણવેશ વિતરણ કાર્યક્રમમાં સ્થાનિક નગરસેવકો તથા કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા.

# દાહોદ APMC ખાતે જીલ્લા ભાજપની કરોબારી મીટીંગ યોજાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા આજરોજ એ.પી.એમ.સી. ખાતે જિલ્લા કારોબારી યોજાઈ હતી. જેમાં તમામ મંડલ/શહેરના અપેક્ષિતો વર્ચ્યુઅલી ઉપસ્થિત રહયા હતા. જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ અમલિયારએ પ્રસંગોચિત ઉદ્દબોધન કર્યું હતું. જીલ્લાના રાજ્ય સરકાર ના મંત્રી બચુભાઈ ખાબડ દ્વારા રાજકીય પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.આ અગાઉ જીલ્લા પ્રમુખે કોરોના મહામારીમાં જેઓનું નિધન થયું હતું એવા પક્ષના કાર્યકરોને બે મિનિટ નું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી તથા શોક ઠરાવ રજુ કર્યા હતો. જિલ્લા કારોબારીમાં માન.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે રાષ્ટ્ર કલ્યાણ અને જન કલ્યાણને ધ્યાનમાં રાખી સતત યશસ્વી રીતે કાર્યરત રહી કેન્દ્રમાં સેવાના સાત વર્ષ પૂર્ણ કર્યા છે. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં કોરોના મહામારીમાં પડકારોનો સામનો કરવા ઉઠાવેલ આવશ્યક પગલાં જ્યારે પ્રદેશ પ્રમુખથી લઈને પેજ સમિતિ સુધીના ભાજપના લાખો કાર્યકર્તા પ્રદેશ અધ્યક્ષ માન. સી.આર.પાટીલજીના નેતૃત્વમાં અભૂતપૂર્વ ઉત્સાહ સાથે માઈક્રો પલાનિંગ બનાવી પ્રજાની સેવામાં લાગેલા છે માટે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કોરોના મહામારીના વિકટ સમયે સમગ્ર જિલ્લામાં પીએચસી, સીએચસી સેન્ટર ખાતે ઓક્સીજન બેડની વ્યવસ્થા,આઈસોલેસન વોર્ડની વ્યવસ્થા ઉપરાંત જિલ્લા દ્વારા જવાબદાર હોદ્દેદારોની વિવિધ કમિટીઓ જેવી કે, હોસ્પિટલમાં દાખલ થવા માટે, રેમદેસીવીર ઈન્જેકશન માટે, એમ્બ્યુલન્સ સેવા માટે, ઓક્સિજન બોટલ માટે, ભોજન, ટિફિન સહાય અર્થે વિવિધ હેલ્પલાઈનના માદયમથી જરૂરિયાત મંદ લોકોને સીધી સહાય પહોંચતી કરાઈ છે. આ પ્રસંગે જિલ્લા પ્રભારી રાજેશભાઈ પાઠક તથા હંસા કુવરબા એ માર્ગદર્શન આપ્યું હતું તથા આગામી દિવસોમાં પક્ષ દ્વારા થનાર સંગઠનાત્મક કાર્યોની વિસ્તૃત જાણકારી આપી હતી. મહામંત્રી નરેન્દ્રભાઈ ભાઈ સોનીએ આગામી દિવસોમાં વિવિધ મંડળોની કારોબારી ક્યારે યોજવાની છે એની માહિતી આપી હતી. અંતમાં પ્રદેશના મહામંત્રી ભાર્ગવભાઈ ભટ્ટ દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની કોરોનાકાળ દરમ્યાન કરેલ જનકલ્યાણ કામગીરીને બિરદાવામાં આવી હતી તથા સ્થાનિક ચુંટણી પછી ખાલી પડેલ જીલ્લા/મંડળ ના હોદ્દેદારોની વહેલી તકે નિમણુંક કરવાની તાકીદ કરી હતી.

આભારિ વધિ જીલ્લાના મહામંત્રી કનૈયાભાઈ કિશોરીએ કરી હતી. ઉપરોક્ત મિટીંગમાં દાહોદ લોકસભા સાંસદ જસવંતસિંહ ભાભોર,ફતેપુરાના ધારાસભ્ય રમેશભાઈ કટારા, લીમખેડાના ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર તથા વિવિધ મંડળોના અપેક્ષિત હોદ્દેદારો–આગેવાનો જોડાયા હતા.

# ઝાલોદમાં શાકભાજી વેચી પરત ફરતી વ્યકિતને વાહનચાલકે અડફેટે લેતા ઈજાઓ

દાહોદ,

ઝાલોદમાં શાકભાજી વેચીને બજારમાં સામાન લેવા પગપાળા જતાં વ્યકિતને બાઈક ચાલકે અડફેટે લઈ ગંભીર રૂપે ઘાયલ કરી નાસી ગયો હતો. ઈજાગ્રસ્તને દાહોદ બાદ વડોદરા સારવાર લઈ જવામાં આવ્યો હતો. દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના જેતપુર પટેલ(અમલારી) ફળિયામાં રહેતા પસવાભાઈ તેરસિંગભાઈ ડામોર ઝાલોદમાં શાકભાજી વેચીને બજારમાં સામાન લેવા માટે પગપાળા જતા હતા ત્યારે ઝાલોદના સ્ટેશન રોડ ઉપર બસ સ્ટેશન તરફથી આવતી જીજે–૨૦–એસી–૧૬૨૭ નંબરની બાઈકના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી પસવાભાઈને ટક્કર મારતા માથાના ભાગે તથા જમણા પગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી બાઈક ચાલક નાસી ગયો હતો. ઈજાગ્રસ્ત પસવાભાઈને દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં લઈ ગયા હતા ત્યારબાદ વધુ સારવાર માટે વડોદરા ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. આ અજાણ્યા બાઈક ચાલ સામે ઝાલોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવા પામી હતી.

# દે.બારીયા નગર પાલિકાના દ્વારા ગોકળ ગતિએ રોડનું કામ ચાલતાં નગરજનોમાં રોષ



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેરના રેંટીયા પોળ થી ભે દરવાજા મેન રોડને જોડતા રોડનું કાર્ય મે માસ થી શરૂ કરવામાં આવ્યો હતો. તે રોડનું ખોદ કાર્ય શરૂ થયે બે માસ થયા બાદ હવે આ રોડ પર આવતી પાણીની પાઈપ લાઈનના માટે ખોદકાર્ય શરૂ કરાતા બે માસના સમય થી આમ જનતા ખોદ કાર્યના કારણે હેરાન પરેશાન છે. તેની કોઈ સ્થાનિક સભ્યોને પડી તેવું આ ગોકુળ ગતિ ચાલ તો રોડનું કાર્ય શૈલી પરથી લાગી રહ્યું છે. તદ્દઉપરાંત જીસીબીના દ્વારા ખોદકાર્યથી સ્થાનિક રહેવાસીઓના નળ કનેકશન તથા પાણીની પાઈપો તોડીને નુકશાન કરાયો છે. તેની ભરપાઈ કોણ કરશે ? તે યક્ષ પ્રશ્ન છે. નગર પાલિકાના સી.ઓ. સ્થળની મુલાકાત લે અને જે આમ જનતાનું નુકશાન કર્યું છે. તે કોન્ટ્રાકટર બનાવી આપે તેવું આમ જનતાની માંગ ઉઠવા પામી છે. આ ખોદ કાર્યના કારણે રોડની અવરજવર બે માસ થી તદ્દન બંધ છે. પાણી લીકિજ રોડ ઉપર ગંદુ પાણી વહેતા અવરજવર કરતી પ્રજાને મુશ્કેલીઓ વેઠવાનો વારો છે શું ? કોઈપણ કાર્ય માટે ટેન્ડરમાં સમય મર્યાદા દર્શાવવામાં આવે છે કે નહિ શું ? ટેન્ડરની શરતો મુજબ નગર પાલિકાના ઈન્જીનિયરની રહેલી છે કે નહિ કે પછી નગર પાલિકાના ઈજનેરને ટકાવાર મળી જતા કોઈપણ નગર પાલિકાના કર્મી અથવા સી.ઓ.આ કાર્યનું નિરીક્ષણ કરવા આવત નથી શું ? બધું જ સલામત ચાલે છે. વડોદરા ઝોનના પદના અધિકારીઓ દે.બારીયાની મુલાકાતે આવશે ખરાં કે પછી જેમ ચાલે છે તેમ આવરાદાવરાની નીતિ ચાલતી રહેશે ?

# દાહોદ તાલુકા પોલીસ MP કુંદનપુર થી દવા લેવા આવેલ બે છોકરાને મારમારતાં પોલીસની બર્બરતા સામે આવી

દાહોદ,

દાહોદ થી ૨૦ થી ૨૫ કિલોમીટર દૂર આવેલ મધ્યપ્રદેશના કુંદનપુર થી મોટરસાયકલ લઈ દાહોદ દવા લેવા માટે આવેલા ૨ નાબાલીગ છોકરાઓ દવા લઈ પરત કુંદનપુર જતી વેળાએ આરટીઓ ચેકપોસ્ટ પાસે ખાનગી ગાડી લઈ વાહન ચેકિંગમા ઉભેલ દાહોદ તાલુકા પોલીસે તે છોકરાઓની બાઈક રોકી ગાડીના કાગળીયા તપાસ્યા બાદ બે છોકરાઓ પૈકી એક છોકરાએ માસ્ક ન પહેરેલો હોવાથી પોલીસે રૂપિયા ૧૦૦૦ ની દંડ પાવતી બનાવી એક હજાર દંડ પેટે વસૂલ્યા બાદ એક છોકરાએ ખિસ્સામાંથી મોબાઈલ કાઢીને તેના પિતા સાથે વાત કરતા પોલીસને તે છોકરો વિડિયો ઉતાર તો હોવાની શંકા પડતા પોલીસે તે બાબતની કોઈ પણ જાતની ખાતરી કર્યા વિના જ બંને છોકરાઓને ઢોર માર મારી પોલીસે બર્બરતાની પ્રતીતિ કરાવી હોવાનો છોકરાના વાલીએ આક્ષેપ કરતા પોલીસે આ મામલે પોતાના હોવાનું અને છોકરાઓને ગાડીમાં બચાવમાં છોકરાઓ ને માર માર્યો બેસાડી વેળાએ ગાડીનો દરવાજોહોવાથી પોલીસે રૂપિયા ૧૦૦૦ ની દડ પાવતી બનાવી એક હજાર દંડ પેટે વસૂલ્યા બાદ એક છોકરાએ ખિસ્સામાંથી મોબાઈલ કાઢીને તેના પિતા સાથે વાત કરતા પોલીસને તે છોકરો વિડિયો ઉતાર તો હોવાની શંકા પડતા પોલીસે તે બાબતની કોઈ પણ જાતની ખાતરી કર્યા વિના જ બંને છોકરાઓને ઢોર માર મારી પોલીસે બર્બરતાની પ્રતીતિ કરાવી હોવાનો છોકરાના વાલીએ આક્ષેપ કરતા પોલીસે આ મામલે પોતાના હોવાનું અને છોકરાઓને ગાડીમાં બચાવમાં છોકરાઓ ને માર માર્યો બેસાડી વેળાએ ગાડીનો દરવાજો વાગ્યો હોવાનો રાગ આલાપ્યો છે જ્યારે છોકરાના વાલી આ મામલે જિલ્લા પોલીસ વડા તથા આઈ.જીને લેખિત રજૂઆત કરી આ ઘટનાના જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહીની માંગણી કરનાર હોવાનું સાંભળવા મળ્યું છે . ત્યારે આ ઘટનાની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ ઉચ્ચ અધિકારી દ્વારા હાથ ધરવામાં આવે તો આ મામલે દૂધ કા દૂધ અને પાની કા પાની થાય તેમ છે મધ્યપ્રદેશના કુંદનપુર થી દાહોદ દવા લેવા આવેલા કુંદનપૂરના રહેવાસી ૧૭વર્ષીય વિકાસ ઉમેશભાઈ પંચાલ અને ટાંડી રાણપુર ગામના ૯ વર્ષીય સૌરભ પ્રવીણભાઈ પંચાલ ગત તારીખ ૨૯/૬/૨૦૨૧ ના રોજ મોટરસાયકલ લઈ જરૂરી દવા લેવા માટે દાહોદ આવ્યા હતા અને દવા લઈ બપોરના પોણો વાગ્યાના સુમારે દવા લઈ ભરત કુંદનપુર જઈ રહ્યા હતા . તે દરમિયાન દાહોદ આરટીઓ ચેકપોસ્ટ પર ખાનગી વાહન લઈ વાહન ચેકિંગ કરી રહેલ દાહોદ તાલુકા પોલીસના માણસો એ આ બંને છોકરાઓને રોકવા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 266

## ઘોઘંબાની કાલસર ગામે ખાનગી ફાયરીંગમાં

# ૨૫ વર્ષીય યુવાનને ગોળી વાગતા ઈજાઓ : સારવાર માટે વડોદરા ખસેડાયો

- ફાયરીંગનું કારણ જાણવા મળ્યું નથી.
-ખાનગી ફાયરીંગની ઘટના થી પોલીસ હરકતમાં.
- આરોપીઓને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી.

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના કાલસર ગામે ખાનગી ફાયરીંગમાં એક ૨૫ વર્ષીય યુવાન ઘવાતા સારવાર માટે હાલોલ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. ફાયરીંગનું ચોકકસ કારણ જાણવા મળ્યું નથી.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના કાલસર ગામે રહેતા ડે.સરપંચના પુત્ર અનિલ રાઠવા ટ્રેકટર લઈને પસાર થઈ રહયો હતો. તે સમયે રોડ સાઈડમાં બેઠેલ ત્રણ થી ચાર ઈસમો વચ્ચે કોઈપણ બાબતે અદાવત હોય અથવા તકરાર થઈ હોય તેને લઈ ત્રણ–ચાર ઈસમો પૈકીના એક ઈસમે પોતાની ખાનગી બંદૂક માંથી ફાયરીંગ કર્યું હતું. ફાયરીંગમાં ૨૫ વર્ષીય છે. અનિલ રાઠવાને ગોળી વાગતા ઈજાઓ થવા પામી હતી. ફાયરીંગમાં ગોળી વાગતા ઈજાગ્રસ્ત થયેલ અનિલ રાઠવાને હાલોલની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે વડોદરા રીફર કરવામાં આવ્યો છે.

ઘોઘંબાની કાલસર ગામે ખાનગી બંદૂક માંથી ફાયરીંગમાં ૨૫ વર્ષીય યુવાનને ઈજાઓ થવા પામી છે. ઈસમો દ્વારા યુવાન ઉપર ફાયરીંગ કયા કારણોસર કરવામાં આવ્યું તે જાણી શકાયું નથી. પરંતુ કાલસર ગામે ખાનગી ફાયરીંગમાં યુવાનને ગોળી વાગતા ઈજાઓ થયાની ઘટનાની જાણ રાજગઢ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને ફાયરીંગની ઘટનાના આરોપી અને સાગરીતોને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## વેજલપુરમાં વીજ લાઈન નીચે દબાણોને લઈ MGVCL વેજલપુર બ્રાંચ દ્વારા TDOને લેખિત જાણ કરાઈ

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુરના MGVCL ના સબ ડિવિઝનના નાયબ ઈજનેર એ કાલોલ તાલુકા વિકાસ અધિકારીને ૩૦/૬/૨૦૨૧ ના રોજ પત્ર લખી જણાવ્યુ કે, વેજલપુરના બસ સ્ટેન્ડ થી લઈને સુરેલી રોડ તરફ જતા કોઈ અજાણ્યા ઈસમે દુકાન ભાડે આપવાના કામ માટે રોડ પર દબાણ કરી લોખંડના પતરાની ૧૦ નંગ દુકાનો ભારે દબાણની વીજ લાઈનની નીચે મુકેલ છે. જેથી વીજ લાઈન નીચેનું સલામત અંતર જળવાતું નથી. જે ભવિષ્યમાં મોટી વીજ હોનારત સર્જી શકે તેમ છે. વિજ લાઈન નીચે આ રીતે દબાણ કરવુ ઈલેક્ટ્રિક સીટી એકટ ૨૦૦૩ મુજબ ગુન્હો બને છે. તેવુ લેખિતમાં જાણ

> વેજલપુર ગામના MGVCLના અધિકારી દ્વારા ૩૦/૬/૨૦૨૧ ના રોજ તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવ્યો હોવા છતા ૧/૭/૨૦૨૧ ના રોજ ગામની સ્ટ્રીટ લાઈટો અંગે ટેલિફોનિક વાત કરતા જણાવેલ કે, હમારી પાસે કોઈ જાણ કારી નથી. તેથી સ્પષ્ટ સાબિત થાય છે કે આ વીજ ચોરી MGVCLના નેજા હેઠળ.

કરવામાં આવી છે અને વધુમાં એ પણ જણાવેલ કે, વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા વીજ પોલ પરથી વધારાનું સ્ટ્રીટ લાઈટનું ફીક્ષચર લગાવેલ છે. સરપંચ ગ્રામ પંચાયત દ્વારા સ્ટ્રીટ લાઈટના લોડ વધારા કે વિસ્તરણ માટે આજદિન સુધી કોઈપણ અરજી કરવામાં આવેલ નથી. તે પ્રકારનો પત્ર MGVCLના નાયબ ઈજનેર વેજલપુર દ્વારા પત્ર લખીને જાણ કરવામાં આવી છે. તેથી સ્પષ્ટ લાગી રહયું છે કે, MGVCLના અધિકારીઓ આજદિન સુધી ઘોર નિંદ્રામાં હતા. તેવુ લાગી રહયું છે, જેથી ગામના જાગૃત નાગરિક દ્વારા પી જી પોર્ટલ પર ફરિયાદ કરતા વેજલપુર ના MGVCLના અધિકારીઓ એકશન માં આવીગયા હતા કે, વડોદરાની ટીમ તપાસમાં આવે તે પહેલાં વેજલપુર ગામના વિજપોલ ઉપર થી સ્ટ્રીટ લાઈટ ઉતારી લીધી હતી. આ રીતે અગર કોઈ સામાન્ય માણસ વીજ ચોરી કરતા ઝડપાઈ તો વીજ કર્મી દ્વારા લાખો રૂપિયાનો દંડ વસુલવામાં આવે છે. ત્યારે હવે જોવું રહયું કે, વેજલપુર MGVCLના અધિકારીઓ દ્વારા ગ્રામ પંચાયત પાસે કેટલો અને કેટલાક વર્ષનો દંડ વસુલસે કે પછી વહાલા ડહલાની નીતિ અપનાવશે તે જોવું રહયું.

## શહેરા તાલુકાના નાડા પ્રા.શાળામાં સ્થાનિક યુવક-યુવતિએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરતાં ચકચાર

શહેરા,

પંચમહાલના શહેરા તાલુકાના નાડા ગામની મુખ્ય પ્રાથમિક શાળામાં સ્થાનિક ગામના યુવાન યુવતી એ દોરડા વડે ગળેફાંસો ખાઈ ને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસ સ્થળ પર પહોચી જઈને બન્ને ની લાશને નીચે ઉતારી પી.એમ. અર્થે લઈ જવામા આવી હતી. બનેલા આ બનાવને લઈને શાળા ખાતે મોટી સંખ્યામાં લોકો ઉમટી આવ્યા હતા.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના નાડા ગામમાં રહેતા અરવિંદ બારીઆને આજ ગામની ચંદ્રિકા પટેલ સાથે આંખ મળી જતા બંને વચ્ચે પ્રેમ સબંધ બંધાયા હતા.આ બન્નેને એમ હતુ કે, સમાજ તેમના પ્રેમને સ્વીકારે નહીં તેઓ ડર હોવાથી જેથી બન્ને એ ફાની દુનિયાને અલવિદા કરવા શનિવારની રાત્રિએ નાડા ગામમાં આવેલ મુખ્ય પ્રાથમિક શાળા ખાતે તેઓ મળ્યા હતા. પ્રાથમિક શાળાના પહેલા માળે લોખંડની પાઈપ પર દોરડું બાંધીને ગળેફાંસો ખાઈ ને એક બીજા ને એક થવા માટે પોતાનું જીવન ટૂંકાવી દીધું હતું. જ્યારે રવિવારની સવારમાં શાળા પાસેથી પસાર થતા સ્થાનિક ગ્રામજનને બંને પ્રેમી પંખીડા લાશ લટકેલી હાલતમાં તેમને જોવા મળતા તેઓએ બૂમાબૂમ કરી મુકતા આજુ બાજુ માંથી મોટી સંખ્યામાં ગ્રામજનો એકત્રિત થઈ ગયા હતા ગામના જાગૃત નાગરિક દ્વારા બનેલ બનાવની જાણ તાલુકા પોલીસ મથક ખાતે કરવામાં આવી હતી. જેને લઈને પોલીસ સ્ટાફ શાળા ખાતે પહોંચી જઈને તપાસનો દોર શરૂ કરેલ હતો. પોલીસ તંત્ર દ્વારા બંને પ્રેમી પંખીડાની લાશને સ્થાનિક લોકોની મદદથી નીચે ઉતારીને પી.એમ. અર્થે તાલુકા બ્લોક હેલ્થ કચેરી ખાતે મોકલી આપવામાં આવેલ હતી. હાલ, તો બનેલ બનાવને લઈને સ્થાનિક ગામ સહિત તાલુકા પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસે ફરિયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી સાથે છોકરા છોકરી એ કયા કારણસર આપઘાત કર્યો કે પછી આ બન્નેની હત્યા તો નથી કરવામાં આવી ને તે દિશા માં પોલીસે વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા પણ આજ ગામમાં આવેલ પ્રાથમિક શાળામાં યુવાન અને પરણિતાએ આજ રીતે આપઘાત કરી લીધો હતો. ત્યારે ફરીથી આ જ રીતે ગામની મુખ્ય શાળામાં યુવાન યુવતીએ દોરડા વડે ગળેફાંસો ખાઈને પોતાની જિંદગી ટૂંકાવી દેતા ગામમાં અનેક સવાલો સાથે ચર્ચાનો મુદ્દો હાલ બની જવા પામ્યો છે.

## પંચમહાલ જિલ્લાના નિવાસી અધિક કલેક્ટરની બદલી થતા વિદાય-સત્કાર સમારંભ યોજાયો

ગોધરા,

પંચમહાલ જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર એલ.બી.બાંભણિયાની જૂનાગઢ ખાતેબદલી થતા ગોધરા કલેક્ટર કચેરી ખાતે વિદાય–સત્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.નવનિયુકત કલેક્ટર સુજલ મયાત્રાએ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું હતું કે નિવાસી અધિક કલેક્ટર બાંભણિયા સાથે ખૂબ ટૂંકા સમય માટે કામ કરવા મળ્યું છે પરંતુ એ ટૂંકા સમયગાળો પણ તેમના સહદયી, લાગણીશીલ, પરગજુ, સદાય આનંદી અને ઉર્જાથી ભરપૂર વ્યક્તિત્વનો પરિચય થવા માટે પૂરતો છે. મહેસૂલ પરિવારના કર્મચારીઓ–અધિકારીઓએ બાંભણિયાના વિદાય પ્રસંગે આપેલ પ્રતિભાવોને ટાંકતા કલેક્ટરએ જણાવ્યું હતુ કે વ્યક્તિની વ્યવસાયિક કાર્યશૈલી અને અંગત



સ્વભાવ બંનેની પ્રશંસા થાય ત્યારે તે વ્યક્તિ અધિકારી તરીકે તો ખરી જ પણ માનવી તરીકે પણ સફળ થઈ ગણાય. તે રીતે નિવાસી અધિક કલેક્ટરના પંચમહાલ જિલ્લામાં વીતાવેલ ૧૧ માસના કાર્યકાળને સફળ ગણાવતા તેમણે રેવન્યુ પરિવારના વડા તરીકે બાભણિયાને નવા પોસ્ટિંગ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ અને પોલિસ અધિક્ષક ડો.લીના પાટિલે પણ બાંભણિયા સાથે કામ કરવાના સંસ્મરણો વાગોળતા ઋજુ હદયના આઅધિકારીને પંચમહાલ જિલ્લો હંમેશા પ્રેમપૂર્વક યાદ રાખશે તેમ જણાવ્યું હતું. બાંભણિયાએ પોતાના વિદાય પ્રસંગે સૌ અધિકારીઓ–કર્મચારીઓનો ભાવભીની વિદાય આપવાબદલ આભાર માનતા જિલ્લામાં પોતાના ૧૧ માસના કાર્યકાળ દરમિયાન થયેલા અનુભવો, પોતાની કાર્યશૈલી, સિંદ્ધાતો વિશે વાત કરી હતી. અધિકારીઓ ભલે બદલી થઈને જાય પરંતુ તેમણે શરૂ કરેલા લોકાપયોગી પ્રોજેક્ટસ યથાવત ચાલુ રહેવા જોઈએ તેમ જણાવ્યું હતું. પ્રાંત અધિકારી એ.કે.ગૌતમ, અધિક ચિટનીસ ભરતભાઈ દરજી, મામલતદાર મેહુલ ભરવાડ, નાયબ મામલતદારઓ ડો. મનહર સુથાર, એસ.પી. ફાર્મર સહિતના અધિકારીઓ–કર્મચારીઓએ બાંભણિયા સાથે પોતાના સંસ્મરણો વાગોળ્યા હતા. સૌએ કોવિડ દરમિયાન સંકલનની તેમની કામગીરી, કર્મચારીઓ પ્રત્યેના સંવેદનશીલ વ્યવહાર, સૌમ્ય વ્યક્તિત્વ, ભાષા–વહીવટ પર તેમની પકડ સહિતના તેમના વ્યક્તિત્વના વિવિધ પાસાઓનો પરિચય આપતા તેમને પ્રશ્નોનો નિકાલ નહીં પણ ઉકેલ લાવનારા અધિકારી તરીકે વર્ણવ્યા હતા. તેમના દ્વારા રચાયેલી કેટલીક કવિતાઓ પણ આ પ્રસંગે રજૂ થઈ હતી.

## ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તાલુકાના મોરડુંગરા ગામની મહિલાની જુડવા બાળકીઓની સફળતા પૂર્વક પ્રસૂતિ કરાવવામાં આવી હતી

ગોધરા,

ગત ૩ તારીખે ગોધરા ૧૦૮માં મોરડુંગરા ગામની મહિલાનો ડિલિવરીનો કેસ આવ્યો હતો. જેમાં સાંજના ૬:૧૯ મિનિટે તાત્કાલિક ૧૦૮ દર્દીના ઘરે પહોંચી ગઈ હતી. જેમાં ઈએમટી નીલમ પરમાર દ્વારા મહિલાની સફળતાપૂર્વક ડિલિવરી કરવામાં આવી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સ્થળ ઉપર પહોંચી ત્યારે મહિલાના ગર્ભમાં બે બાળકો હતા. જે પૈકી એક બાળકની ડીલીવરી થઈ ગઈ હતી. જ્યારે બીજા બાળકની ડીલીવરી ઈએમટી નીલમ પરમાર દ્વારા કરવામાં આવી હતી,મહિલાને ડિલિવરી બાદ બધુ લોહી વહી ન જાય તે માટે ઓક્સીટોસિન ઈન્જેક્શન આપીને સ્થિતિ સામાન્ય કરવામાં આવી હતી. ત્યારબાદ ડિલિવરી કરવામાં આવેલી બંને નવજાત બાળકોનું નિદાન કરતા



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

સ્વસ્થ જણાઈ આવી હતી. જેથી બંને બાળકીઓને પ્રોટોકોલ પ્રમાણે બેબીક્રિર આપી નિરીક્ષણ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આમ ૧૦૮ ટીમ દ્વારા જુડવા બાળકીઓની સફળતાપૂર્વક ડિલિવરી કરવામાં આવી હતી.

## પોલીસ કર્મચારીઓના વિવિધ પ્રશ્નોની રજુઆત આમ આદમી પાર્ટી દ્વારા જીલ્લા કલેકટરને કરી

ગોધરા,

પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆની આગેવાનીમાં માન. જિલ્લા કલેકટર પંચમહાલના ઓને રજૂઆત કરવામાં આવી. આ રજુઆત પત્રમાં જણાવ્યું છે કે, પોલીસની ભરતી વર્ગ–૩માં ૧૨ પાસ પર થતી હોય જે તલાટી ક્મ મંત્રી, ક્લાર્ક સમકક્ષ ભરતી થાય છે. તેમ છતાં પોલીસ ગ્રેડ પ્રે માત્ર ૧૮૦૦ જ છે. પોલીસ જવાનો સાથે થતો





તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

આર્થિક અન્યાય છે. પોલીસના કામના કલાકો અન્ય વિભાગ કરતાં વધારે અને કામ કરવાના કલાક ફીક્ષ નથી અને ૨૪ કલાકની ડ્યુટી કરાવવામાં આવે છે અને સામે તેમણે ઓવરટાઈમનો પગાર આપવામાં આવતો નથી. અન્ય વિભાગની જેમ પોલીસ વિભાગમાં પણ સાપ્તાહિકની ફરજીયાત રજા આપવી જોઈએ. જેથી તેઓ પણ પોતાના પરિવાર માટે સમય ફાળવી શકે કારણ કે પરિવાર સાથે સમય ન કરી શકવાથી અને કામકાજનું પ્રેસર હોવાથી ઘણા પોલીસ જવાનો માનસિક હતાશા ભોગવી રહ્યા છે. જે યોગ્ય નથી અને આ સ્ટાફને પણ ધ્યાનમાં રાખીને સાપ્તાહિક રજાઓ ઑલ્ટરનેટ હોવી જોઈએ. પોલીસ કર્મચારીની ફરજમાં વચ્ચે ઓછામાં ઓછો આઠ કલાકનો આરામ હોવો જોઈએ. પોલીસો માટે human rights હોવા જોઈએ પોલીસને પણ પોતાનું સંગઠન કે સંઘ બનાવવાની પરમિશન આપવી જોઈએ કે જેથી પોતાની સમસ્યા રજૂ કરી શકે. પોલીસ તંત્રને રાજકારણથી દૂર રાખી સ્વતંત્ર રાખવું જોઈએ જેથી અમુક રાજકીય સાંઠગાંઠ ધરાવતા માથાભારે તત્વો સામે પોલીસ નિર્ભળના બને અને કાયદેસર સ્વતંત્ર કાર્યવાહી કરી શકે. ઉપરોક્ત સમસ્યાઓ પોલીસ કર્મચારીઓ ભોગવી રહ્યા છે અને તેઓની સમસ્યાઓને વાચા આપવા પંચમહાલ જિલ્લામાંથી પાર્ટી તરફથી સરકારને રજૂઆત કરીએ છીએ કે ઉપરોક્ત સમસ્યાના સમજે અને તેને દૂર કરવા પોલીસ કર્મચારીઓની શારીરિક અને માનસિક સ્થિતિ તંદુરસ્ત રાખવા માટે યોગ્ય નિર્ણય કરે અને આમ આદમી પાર્ટીની રજૂઆતને પોલીસ કર્મચારી હિત માટે નિર્ણય કરવામાં આવે એવી સાથે જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆ એ રજુઆત કરી છે.

## પાવાગઢ પોલીસે માંચી ખાતે માતા-પિતાથી છુટી પડેલ બાળકીને પિતા સાથે સુજાગ સમન્વય કરાવ્યો

પાવાગઢ,

પાવાગઢ યાત્રાધામ ખાતે રવિવારના દિવસે દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં દર્શન માટે આવ્યા હતા. ત્યારે પાવાગઢ પોલીસ ને ફોન ઉપર જાણકારી મળી હતી કે, ત્રણ વર્ષની બાળકી તેના માતા–પિતા થી છુટી પડી ગયેલ છે અને રડી રહી છે. પોલીસે બાળકીનો ક્બજો લઈને ત્રણ વર્ષીય બાળકીને માતા–પિતાને સુજાગ સમન્વય કરાવ્યો. કોરોનાની બીજી લહેર બાદ યાત્રાધામને છુટછાટ આપવામાં આવી છે. જેને લઈ યાત્રાધામ પાવાગઢ ખાતે દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં આવી રહ્યા છે. આજરોજ રવિવારનો દિવસ હોવાથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવ્યા હતા. પાવાગઢ પોલીસ બંદોબસ્તમાં હતી. ત્યારે પો.સ.ઈ.ને ફોન પર જાણ થઈ હતી કે, માંચી ખાતે ૩ વર્ષીય બાળકી માતા–પિતા થી છુટી પડી ગયેલ છે અને રડી રહી છે. તે સાથે પોલીસે માંથી ખાતે થી બાળકીનો ક્બ્જો



લીધો હતો અને બાળકી માતા–પિતાની શોધ કરતાં તેના પિતા મળી આવ્યા હતા. તેમને પુછતા પુત્રીનું નામ સાક્ષીબેન અને પિતા નરેન્દ્રસિંહ રાજપુત ડભોઈના હોવાનું જણાવેલ હતું. પોલીસે ૩ વર્ષીય બાળકીને માતા–પિતા સાથે સુજાગ સમન્વય કરી સારી કામગીરી કરી છે.

## ગ્રામ પંચાયતની નિષ્કાળજી : હાથણી માતાના ધોધ પાસે બનેલા સામુહિક શૌચાલયને ખંભાતી તાળા





ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના સરસવા ગામે આવેલ હાથણી માતાનો ધોધ જ દેશભરમાં પ્રસિદ્ધ છે. લોકો દુર દુરથી અહીં કુદરતી સૌંદર્ય નિહાળવા માટે આવે છે. ‘‘સોનાની થાળીમાં લોઢાની મેખ’’ સમાન સામુહિક શૌચાલય. ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટીના ગેરવહીવટને કારણે બંધ હાલતમાં દેખાય છે. એક લાખ ૮૦ હજારના ખર્ચે બનાવેલી શૌચાલય શોભાના ગાંઠિયા સમાન છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૨૦૧૮–૧૯ ના વર્ષમાં એક લાખ ૮૦ હજાર રૂપિયાની માતબર રકમ થી અહીં મહિલા અને પુરૂષો માટે સામુહિક શૌચાલય બનાવવામાં આવ્યું છે, પરંતુ ગ્રામ પંચાયતના તલાટી તથા સરપંચની ભૂલ ગણો કે અણઘડ વહીવટ શૌચાલયને ખંભાતી તાળાં માર્યા છે. જાળવણીના અભાવે નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત મિશન મિશનના સપનાને મુંગેરીલાલ કે હસીન સપને ગણી સ્વચ્છ ભારત મિશનના સુત્ર નીચેજ કચરો નાખેલો જોવા મળે છે. જેને કારણે ગુજરાત અને અન્ય રાજયમાંથી ધોધ નિહાળવા આવતા પ્રવાસીઓ સામે ગુજરાતની છબી ખરડાઈ છે. ભારતભરમાં ગુજરાતના વિકાસનો એક ઝાટકે દાટ વાળ્યો હતો. હાથણી માતાનો ધોધ જોવા આવનારા મહિલાઓને શૌચક્રિયા માટે જંગલમાં જવું પડે છે. શહેરમાં રહેતી મહિલાઓને મજબૂરીના માર્યા શૌચક્રિયા બહાર કરવી પડતી હોવાથી શરમ અનુભવે છે તેમજ ખુલ્લામાં ઝેરી જનાવરનો પણ ભય સતાવી રહ્યો છે. વિકાસ પુરૂષ ગણાતા વડાપ્રધાન મોદીની છબી ઉપર ધબ્બો લગાવતા તલાટી અને સરપંચ વિરૂદ્ધ તંત્ર કેવા પગલાં લેશે એ તો જોવું જ રહ્યું.

## ઘોઘંબાના ઝાબકુવા ગામે ભત્રીજીને હેરાન કરતાં જમાઈને સમજાવા ગયેલ કાકા સસરાને મારમારી ઈજાઓ કરતા ફરિયાદ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ઝાબકુવા ગામે જમાઈ દ્વારા ભત્રીજીને મારમારીને હેરાન કરવામાં આવતી હોય જેને લઈ કાકા સસરા સમજાવા માટે ગયેલ હતા. ત્યારે જમાઈ એ બિભત્સ ગાળો આપી મારમારી તેમજ છુટા પથ્થર મારી ગંભીર ઈજાઓ થવાનો વિડીયો વાયરલ થયો. આ બાબતે જમાઈ વિરૂદ્ધ દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ઝાબકુવા ગામે પરણાવેલ ભત્રીજીને જમાઈ દ્વારા મારમારીને હેરાનગતિ કરતો હોય જેને લઈ કાકા સસરા જમાઈને સમજાવા માટે ગયા હતા. ત્યારે કાકા સસરા ઉપર જમાઈ એ હુમલો કર્યો હતો અને બિભત્સ ગાળો આપી ગડદાપાટુનો મારમારી તેમજ છુટા પથ્થરો મારી કાકા સસરાને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ સમગ્ર ઘટનાનો વિડીયો પણ સોશ્યલ મીડીયામાં વાયરલ થયેલ છે. આ બાબતે દામાવાવ પોલીસ મથકે જમાઈ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરા રેણા ચોકડી પાસેથી બાઈક ઉપર લઈ જવાતા દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

શહેરા,

શહેરા તાલુકાના રેણા ચોકડી પાસેથી પોલીસે બાઈક પર લઈ જવાતો દારૂના જથ્થાને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. પોલીસે દારૂ અને બાઈક મળી રૂપિયા ૪૦,૦૦૦થી વધુનો મુદ્દામાલ ક્બજે કરીને ફરાર બાઈક ચાલક ને પકડવાના ચક્રોગતિમાન કર્યા છે. શહેરા પોલીસને ખાનગી રાહે માહિતી મળી હતી કે, તાલુકા ના રેણાચોકડી પાસે એક ઈસમ બાઈક પર દારૂ લઈને પસાર થવાનો છે. તે બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. ત્યારે બાઈક ઉપર એક ઈસમ આવતા તેને રોકવાનો પ્રયત્ન કર્યો હતો.આથી ઈસમે બાઈક ભગાવી દેતા પોલીસે તેનો પીછો કર્યો હતો. બાઈક ચાલક બાઈક મુકીને ફરાર થઈ ગયો હતો. પોલીસે બાઈક અને દારૂનો જથ્થો પોલીસ મથક ખાતે લાવીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. પોલીસે દારૂ અને બાઈક મળીને રૂપિયા ૪૦,૦૦૦થી વધુના મુદ્દામાલ સાથે બાઈક નંબર ના આધારે આરોપી ને પકડવા માટે ના ચક્રો ગતિમાન કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, તાલુકામાં રાત્રિ દરમિયાન એક ફોર વ્હીલર કારમાં દારૂની મોટા પાયે હેરાફેરી થતી હોવાની ચર્ચા એ જોર પકડયું છે. ત્યારે પોલીસ દ્વારા ખરેખર જો દારૂની હેરાફેરી કારમાં થતી હોય તો આ કારને ઝડપી પાડીને દારૂબંધીના કડક અમલવારી કરાવવી જોઈએ તે પણ જરૂરી છે.

## શિવરાજપુર જીમીરા રીસોર્ટમાં રેઈડ દરમ્યાન દારૂ સાથે ઝડપાયેલ હર્ષદ પટેલના બે દિવસના રિમાન્ડ મેળવતી પોલીસ

ગોધરા,

પંચમહાલના શિવરાજપુર જીમીરા રીસોર્ટ માંથી એમ.અલ.એ. સહિત ૨૫ વ્યક્તિઓ પોલીસ રેડ દરમ્યાન જુગાર રમતા ઝડપાયેલ હતા. રેઈડ વખતે અમદાવાદના હર્ષદ પટેલ પાસેથી ૯ બોટલ ઈંગ્લીશ મળી હતી. તે મામલે કોર્ટમાં રજુ કરી પાવાગઢ પોલીસે બે દિવસના રિમાન્ડ મેળવ્યા.

વિસ્તૃત વિગતો પ્રમાણે શિવરાજપુર જીમીરા રીસોર્ટમાં એલ.સી.બી. એ રેડ કરીને માતર ધારાસભ્ય કેશરીસિંહ સહિત ૨૫ વ્યક્તિને જુગાર રમતા મુદ્દામાલ અને રોકડ સાથે ઝડપી પાડયા હતા. રીસોર્ટમાં રેઈડ દરમ્યાન અમદાવાદના હર્ષદ પટેલ પાસેથી ૯ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપ્યા હતા. આ મામલે પાવાગઢ પોલીસે હર્ષદ પટેલને કોર્ટમાં રજુ કર્યા હતા અને બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે. હર્ષદ પટેલ દારૂ ક્યાંથી લાવ્યા, કોણે મંગાવ્યો હતો. તે દિશામાં તપાસ હાથ ધરી છે.